॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ ગંગા અમૃતતુલ્ય છે ॥

એકવાર અકબરે પોતાના દરબારીઓને પૂછ્યું; 'બતાવો. કઈ નદીનું પાણી સૌથી ઉત્તમ છે ?' બધા દરબારીઓએ એકમતે કહ્યું; 'ગંગામૈયાનું પાણી સૌથી ઉત્તમ છે.' પણ બીરબલે કોઈ જવાબ ન આપ્યો. એને મૌન જોઈને અકબર બોલ્યા : 'બીરબલ તું કેમ ચૂપ છે ?' બીરબલે કહ્યું; 'બાદશાહ હજૂર ! પાણી યમુના નદીનું સર્વોત્તમ છે.' બીરબલનો ઉત્તર સાંભળી બાદશાહને ભારે આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું; તેં કયા આધારે કહ્યું ? જ્યારે ધર્મગ્રંથોમાં તો ગંગાજીનું જળ સૌથી શુદ્ધ અને પવિત્ર બતાવવામાં આવ્યું છે.

બીરબલે કહ્યું; 'હજૂર ! હું ભલા પાણીની તુલના 'અમૃત'થી કેવી રીતે કરી શકું ? ગંગાજીમાં વહેતું જળ કેવળ જળ નથી, પરંતુ 'અમૃત' છે. એની તુલના જળથી કરી શકાતી નથી. સાક્ષાત્ ભગવાનના શ્રીચરણોમાંથી એનું અવતરણ થયું છે. એ સાક્ષાત્ ભગવત્સ્વરૂપા છે.'

બાદશાહ અને બધા દરબારી નિરુત્તર થઈ ગયા. તેમને માનવું પડ્યું કે બીરબલ સત્ય કહી રહ્યો છે. ગંગાજી સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે. એની તુલના કોઈપણ જળ સાથે ન થઈ શકે. એનાં દર્શનમાત્રથી જન્મ-જન્માન્તરના પાપોથી મુક્તિ મળે છે. ગંગામૈયા તો સાક્ષાત્ અમૃતતુલ્ય છે.

**–પ્રેમપ્રકાશી સંત મોનૂરામ**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ આ અંકની વિશેષતા ॥

શ્રીગંગાજી અને શ્રીગંગામયી 'મા' સર્વેશ્વરીનો ભાવસંબંધ

"શ્રીરામકૃષ્ણ પરમહંસના શબ્દો; જે ગંગાના પાણીને પાણી, વૃંદાવનની રજને રજ ને જગન્નાથના પ્રસાદને સામાન્ય પ્રસાદ માને છે; એમાં પૂર્તિ કરતાં કહું તો જે સર્વેશ્વરીને સામાન્ય સ્ત્રી માને છે, તે ભૂલ કરે છે."

**—શ્રી યોગેશ્વરજી**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. નારદજી અને 'મા' ગંગાનો નર્મ-મર્મભર્યો સંવાદ | સંકલન | ૮ |
| ૩. હરદ્વાર, હરિદ્વાર અને સ્વર્ગદ્વાર | " | ૯ |
| ૪. ગંગાજીનું માહાત્મ્ય | " | ૧૦ |
| ૫. પૂ.શ્રી'મા'ની શ્રીગંગાજીની પંચપદપૂજા | " | ૧૫ |
| ૬. ગંગામા : અનન્ય ઉદાર મુક્તિદાતા | " | ૨૩ |
| ૭. શંકર-પાર્વતીનો માર્મિક સંવાદ | " | ૨૩ |
| ૮. "ગંગા" શબ્દનો અર્થ | " | ૨૩ |
| ૯. જ્ઞાન-વિજ્ઞાન | શ્રી યોગેશ્વરજી | ૨૪ |
| ૧૦. સુંદ-ઉપસુંદની કથા | " | ૩૨ |
| ૧૧. ભગવાન કૃષ્ણનું સ્મિત | " | ૩૬ |
| ૧૨. સેવાયજ્ઞની આવશ્યકતા | " | ૩૯ |
| ૧૩. તક્ષક અને કાશ્યપ | " | ૪૨ |
| ૧૪. વિનમ્ર બનો | " | ૪૫ |
| ૧૫. ચમત્કારિક પથ્થર | " | ૪૮ |
| ૧૬. અમરનાથની કૃપા | " | ૫૧ |
| ૧૭. હરેકૃષ્ણ મંદિરની મુલાકાત | " | ૫૫ |
| ૧૮. શિવની મુલાકાતે શક્તિ | " | ૬૦ |


**॥ સંદર્ભગ્રંથોનો સૌજન્યસ્વીકાર ॥**

કલ્યાણ : 'ગંગા-અંક' ૨૦૧૬ ગીતાપ્રેસ, ગોરખપુર

પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજીરચિત—

૧. આત્માની અમૃતવાણી

૨. સત્સંગ

૩. સંતસમાગમ

૪. ધૂપસુગંધ

## નિવેદન : આવો, 'સદ્ભિઃ સંગ'ને વધાવીએ–પ્રણમીએ !

સ્થૂળ સ્તરે સૃષ્ટિના સઘળાં તત્ત્વો-પદાર્થો સામાન્ય લાગે, સાધારણ લાગે પણ ચેતનાની ભૂમિકાએ ક્યારેક એવું લાગે કે 'આ પ્રકૃતિનું કામ નથી, પ્રભુનું કામ છે.' કોઈ સ્વરૂપમાં પ્રમાણ મળી જાય છે-પ્રભુસત્તા હોવાનું ! અને ત્યારે ગાય ગૌમાતા, ગંગા ગંગામાતારૂપે અનુભવાય છે. ગંગા નદી જ છે, વહેતું પાણી જ છે, પણ એની ઉત્કૃષ્ટતાની પૂજા થાય છે.

પરમ મહિમામયી ગંગાજીની સંનિકટ પહોંચી જવાનો પ્રયત્ન તો અતિ સરળ છે, આ સંયોગ તો ઘણાંને થાય છે. પણ ગંગાજળની ભગવદ્શક્તિની પ્રતીતિ સર્વ દેહધારી મનુષ્યોમાં એકધારી ટકતી નથી. પૂજ્યશ્રી'મા'ના ચિત્તમાં આ પ્રતીતિ અનન્ય શ્રદ્ધાબળે નિઃસંશય રહી છે. ગંગાજી જ સત્ છે, એમાં તેઓશ્રીનાં શરીર-મન-બુદ્ધિ-પ્રાણ સહેજે પ્રતિષ્ઠિત રહે છે.

એટલે જ ગંગાજીમાં આવિર્ભૂત એમનાં પરમ કલ્યાણમયી રૂપને, એમની પાપવિનાશક શક્તિને પૂર્ણતયા ઓળખી, પોતાને પ્રેમપૂર્વક અપનાવવાનો અનુરોધ તેઓશ્રી વારંવાર કરતાં રહે છે.

ગંગાજીને વધાવવા, સાચી રીતે સન્માનતાં પૂ.શ્રી'મા' સ્વયં ગંગાજી જેવાં જ શુદ્ધ, પવિત્ર, અનાસક્ત, પ્રેમપૂર્ણ બની, તેમની સાથે સમરૂપ-એકરૂપ બની રહે છે. એટલે આપણા ચિત્તમાં પૂ.શ્રી'મા'એ પ્રબોધેલો આચારસિદ્ધ મંત્ર 'દેવો ભૂત્વા દેવં યજેત્' અર્થાત્ 'ગંગાજી પામવા ગંગાજી થવું પડે' ગુંજી રહે છે.

પૂ.શ્રી'મા' વર્ષોવર્ષ 'ગંગાજીના દર્પણ' બનવાની પ્રાર્થના કરવા હરિદ્વાર સ્વયં આવે જ છે. પણ લોકોનાં પાપોનું સદા પ્રક્ષાલન કરતાં રહેતાં ગંગાજીને પણ પૂ.શ્રી'મા' જેવા પુણ્યશાળીની પ્રતીક્ષા રહેતી હશે; જે પોતાનાં પાપ ધોવા નહિ પણ સામું પુણ્ય ધરવા આવે !

આપણે આ ઉભય મહિમાવંતાં ચૈતન્યસ્વરૂપોના 'સદ્ભિઃ સંગ'ને વધાવી, પ્રણમી ધન્ય બનીએ.



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૨

### તા. ૮-૩-૮૩, મંગળવાર, ફાગણ વદ નોમ સં. ૨૦૩૯

### જોહાનિસબર્ગથી ડરબન

સવારે નિયમિત નિત્યકર્મ થયું. ગઈ કાલે 'મહાભારતનાં મોતી'ના લેખનમાં મહાભારતનું પ્રથમ પર્વ પરિસમાપ્તિ પર પહોંચ્યું. છતાં આજે પણ પૂ.શ્રીએ આરામને બદલે લેખન ચાલુ જ રાખ્યું.

કોઈકવાર 'મહાભારત' ગ્રંથમાંથી કોઈક લખાણ સીધું જ ઉતારવાનું હોય તો 'અક્ષરો સારા કાઢજો, શાંતિથી લખજો.' એવી સૂચના સાથે થોડી લેખનની સેવા પૂ.શ્રી મને સોંપે છે. આજે પણ તે સેવા મને સોંપી.

આજે અગિયારથી બાર વાગ્યા સુધીમાં ખીચડી ને શાકનું ભોજન બનાવી લીધું ને લઈ પણ લીધું.

ભોજન બાદ વિદાય લીધી. શ્રી મગનભાઈએ પોતે પૂ.શ્રીની આરતી ઉતારી, પુષ્પહાર અર્પણ કરી, ભારે હૈયે વિદાય આપી. એક ભજન 'વરદ હસ્તે' ગવડાવ્યું.

તે સમયે શ્રીજેક્સન પણ હતા. બીજાં પણ થોડાં ભાઈબહેનો હતાં.

ઍરપોર્ટ ઉપર સમયસર પહોંચી ગયાં. સાઉથ આફ્રિકન ઍરવેઝ, નં. ૫૧૩ ની ૧૭-એ અને ૧૭-સી નંબરની સીટ ઉપર બેઠક લીધી. વિમાન સાડા ત્રણ વાગ્યે ઉડ્ડયન કરે છે.

વિદાયવેળા ઍરપોર્ટ ઉપર સૌ ફરીથી સાષ્ટાંગ પ્રણામ કરે છે.

બરાબર સાડા ચાર વાગ્યે એક કલાકની યાત્રા પછી ડરબનના ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

શ્રી રતિભાઈને ત્યાં આવી ગયાં. થોડીવાર આરામ કરી રેડિયો ટ્રુરો ઉપર વાર્તાલાપ આપવા જવાનો કાર્યક્રમ હોવાથી ત્યાં ગયાં. શહેરમાં બાર માળની ઈમારતની સરકારી ઑફિસમાં જવાનું બન્યું.

ટ્રુરોનાં રેડિયો સંચાલિકા બહેન શ્રી જયમતીબહેને બહાર આવી, હાથ જોડીને સ્વાગત કર્યું. પાંચ મિનિટ પછી રૅકૉર્ડિંગ ચાલુ થયું.

સામાન્ય રીતે રેડિયો ઉપર ૩ થી ૫ મિનિટના વાર્તાલાપ લે છે, પણ શ્રી જયમતીબહેન ગુણગ્રાહી સ્વભાવવાળાં હોવાથી, ગયા વખતની જેમ આ વખતે પણ વાર્તાલાપો જેટલી પણ મિનિટના હોય તેટલી મિનિટ આપવા કહ્યું. સમયની કોઈ મર્યાદા ન રાખી.

પરિણામે, આજે જે પાંચ વાર્તાલાપો આપ્યા તે દશ-દશ, બાર-બાર મિનિટના હતા.

ગયા વખતે વાર્તાલાપના વિષયો દિવાળી, નવરાત્રી, જન્માષ્ટમી અને રામનવમી હતા. આ વખતના વિષયો હતાઃ હોળી, એકાદશી, રક્ષાબંધન, ગુરુની જરૂર છે, ગુરુની જરૂર નથી, તેમ જ વિદાયસંદેશ.

હવે જ્યારે જે તહેવાર હશે ત્યારે તે વાર્તાલાપ રેડિયો ટ્રુરો ઉપરથી પ્રસારિત થશે. આજનો ગુરુસંદેશ અંગેનો અને વિદાય અંગેનો વાર્તાલાપ અંગ્રેજીમાં હતા.

સાતથી સાડા નવ સુધી રૅકૉર્ડિંગ કાર્યક્રમ ચાલ્યો. જ્યાં રૅકૉર્ડિંગ થયું ત્યાં અમને પણ બેસવાની છૂટ મળી હતી. ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

હરિઃ ૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**



## ॥ નારદજી અને 'મા' ગંગાનો નર્મમર્મભર્યો સંવાદ ॥

એકવાર શ્રીદેવર્ષિ નારદજી 'મા' ગંગા પાસે ગયા અને બોલ્યા : 'મા', પુણ્યાત્મા પુણ્યના બળથી, જ્ઞાની જ્ઞાનના બળથી, ભક્ત ભક્તિના બળથી, યોગી યોગ દ્વારા સ્વયં જ તરી જાય છે એમાં કોઈ દેવતાની કૃપાની શું આવશ્યકતા ? કોઈ પતિતો, અધમોને ઉગારે તો જાણીએ. 'મા' ગંગાએ કહ્યું : 'પુત્ર નારદ, જો કોઈ પ્રાણી શ્રદ્ધાપૂર્વક મારા તટ પર રહે, વિધિપૂર્વક નિત્ય સ્નાન કરે, પૂજન કરે તો એ તરી જશે.' શ્રીનારદજી વિનોદપૂર્ણ ફરિયાદ સાથે બોલ્યા; ''મા', આપે પણ દેવો જેવો જ વ્યાપાર ચલાવી દીધો કે પૂજાપાઠ કરો, જપ-તપ કરો તો તારીશું.' પછી આપ અને અન્ય દેવોમાં શું ભેદ ?

'મા' ગંગા હસતાં બોલી, 'હે નારદ ! કંઈ વાંધો નહિ. જે વ્યક્તિ સ્નાન પણ કરી લેશે તોય તરી જશે. શ્રી નારદજી બોલ્યા; ''મા', કોઈ વ્યક્તિ અશક્ત છે, રુગ્ણ છે, સ્નાન નથી કરી શકતી. અશ્રદ્ધાળુ છે; ત્યારે આપ એને પાર નહિ કરો ?' 'મા' ગંગા કહે; 'હે નારદ ! જો એ જળપાન કરી લે, જળસ્પર્શ કરી લે તો પણ પાર થઈ જશે.'

શ્રી નારદજીએ પુનઃ પ્રશ્ન કર્યો; ''મા'! કોઈ અભાગી જીવ જલપાન ને જલસ્પર્શ ન કરી શકે તો આપ તેને નહિ તારો ?' 'મા' ગંગા બોલી; 'વત્સ નારદ ! એ વ્યક્તિ મારું દર્શનમાત્ર કરી લે, નમન કરી લેશે તો પણ તરી જશે.'

શ્રીનારદજી કહે; ''મા'! માની લો એ પુણ્યહીન જીવ નિર્ધનતા કે અજ્ઞાનતાવશ આપનો મહિમા ન જાણવાને કારણે આપનાં દર્શન ન કરી શક્યો તો શું તે આપની કૃપાથી વંચિત રહી જશે ?' 'મા' બોલી; એ પણ તરી શકે છે જો કેવળ ગંગા-ગંગા નામમંત્રનો જપ કરી લે તો ! સો માઈલ દૂર પણ હશે

પરંતુ ગંગા નામ જપી લેશે તો પાપમુક્ત થઈ વૈકુંઠલોક જશે.

શ્રીનારદજી આજે કોઈ નવું કૌતુક કરવા કૃતસંકલ્પ હતા. તે બોલ્યા; ''મા'! જો કોઈ પ્રાણી આપનું નામ ન લઈ શક્યું અને મરી ગયું તો એને તમે નહિ તારો ?' 'મા' ગંગા ગંભીર થઈ બોલ્યા; 'પ્રિય નારદ ! સંભવ છે કે એ પણ તરી જાય. પરંતુ તેના અંતિમ સંસ્કાર ગંગાતટ પર હોય.'

શ્રીનારદજી બોલ્યા; 'હે મા ! જો અંતિમ સંસ્કાર ગંગાતટ પર ન થઈ શક્યા તો શું નહિ તારો ?' 'મા' ગંગાએ કહ્યું; 'દેવર્ષિ ! તરી જશે. પરંતુ એનાં અસ્થિ-પુષ્પ ગંગાજળમાં વિસર્જિત કરવામાં આવે તો !'

આમ, 'મા' ગંગા 'મુક્તિનો સાર્વજનિક ખુલ્લો ભંડારો' છે. એટલે જ પ્રત્યેક સનાતની હિંદુની આકાંક્ષા હોય છે કે, જીવતાં કે મરતાં હું યેનકેનપ્રકારેણ ગંગામાના દ્વાર સુધી પહોંચી જાઉં.

**—સંકલન**

## ॥ હરદ્વાર, હરિદ્વાર અને સ્વર્ગદ્વાર ॥

ઉત્તરાંચલની યાત્રા હરિદ્વારથી શરૂ થાય છે. કેટલાક તેને 'હરિદ્વાર' કહે છે; કેમકે—આ એ જ સ્થાન છે, જ્યાંથી કેદારનાથ અને બદરીનાથનો માર્ગ જાય છે. બદરીનારાયણ હરિ છે તેથી તેનું નામ 'હરિદ્વાર' પડ્યું.

કેદારનાથ શંકરજી અર્થાત્ હર છે. તેથી તેનું નામ 'હરદ્વાર' પડ્યું.

બંનેનું પ્રવેશદ્વાર આ જ છે. તેને ઉત્તરાખંડનું સ્વર્ગ પણ કહેવામાં આવે છે. તેથી હરદ્વાર 'સ્વર્ગદ્વાર' પણ કહેવાય છે.

**—સંકલન**



## ॥ ગંગાજીનું માહાત્મ્ય ॥

'ગીતા'માં શ્રીકૃષ્ણ કહે છે : 'સ્રોતસામસ્મિ જાહ્નવી' । અર્થાત્ નદીઓમાં હું ગંગાજી છું.

પ્રવાહરૂપે વહેતા જેટલાં પણ નદ, નદી, નાળાં, ઝરણાં છે એ સર્વમાં ગંગાજી શ્રેષ્ઠ છે. આ ભગવાનનાં ખાસ ચરણોદક છે. ગંગાજી પોતાનાં દર્શન, સ્પર્શ આદિથી દુનિયાનો ઉદ્ધાર કરે છે. મૃત્યુ પામેલાં મનુષ્યોની અસ્થિઓ ગંગાજીમાં વહાવવાથી તેમની સદ્‌ગતિ થાય છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણે તેને પોતાની વિભૂતિ ગણાવી છે. એ તો વિજ્ઞાનસિદ્ધ છે કે પ્રત્યેક જડ વસ્તુમાં કાર્યકારિણી શક્તિ ત્યારે જ હોઈ શકે છે, જ્યારે તેની સંચાલક કોઈ ચેતનશક્તિ હોય. જળ, વાયુ, અગ્નિ આદિમાં જે કંઈ શક્તિ છે. તે એને ચલાવનારી અધિષ્ઠિત ચેતનશક્તિ જ છે.

ગંગાજળની ભીતર પણ ચૈતન્યરૂપા શ્રીગંગાદેવી વિરાજમાન ન હોત તો એના સ્પર્શમાત્રથી રાજા સગરના સાઠ હજાર પુત્રો તરી ન જાત. એના દર્શનસ્પર્શમાત્રથી અનંત જીવોનું કલ્યાણ ન થયું હોત.

મોટામોટા વૈજ્ઞાનિકોએ કહી દીધું છે કે; ગંગાજળમાં શરીરની શક્તિ વધારવાની અપૂર્વ ક્ષમતા છે. ગંગાજળ પીવાથી અજીર્ણ જ્વર નષ્ટ પામે છે. ગંગાની માટી લગાવવાથી ચર્મરોગમાં રાહત મળે છે. ગંગાજળમાં નહાવાથી માથાના સમસ્ત રોગો સારા થાય છે.

વળી, કૂવા-તળાવનું પાણી ત્રણ-ચાર દિવસમાં જ ખરાબ થઈ જાય છે. ગંગાજળ કેટલાયે દિવસ રહે, ખરાબ થતું નથી.

ગંગાજળમાં કોઈ રોગનાં કીટાણુ પેદા થતાં નથી, ઉલટા નષ્ટ થઈ જાય છે. ગંગાસ્મરણથી પાપરાશિ નષ્ટ પામે છે. એટલે જ મહર્ષિઓએ ગંગાજળની આટલી સ્તુતિ કરી છે :

**'શરીરે જર્જરીભૂતે વ્યાધિગ્રસ્તે ક્લેવરે**
**ઔષધં જાહ્નવીતોયં વૈદ્યો નારાયણો હરિઃ'**

ભારતીય સંસ્કૃતિમાં ગંગા, ગીતા, ગણેશ, ગાયત્રી તેમજ ગૌ-આ પાંચ 'ગં'કારોનું વિશેષ મહત્ત્વ છે. આ સનાતન ધર્મ તથા હિંદુ સંસ્કૃતિના 'પંચપ્રાણ' છે. 'ગંગા' શબ્દનું ઉચ્ચારણ થતાં જ હૃદયમાં દૃઢ વિશ્વાસનો ભાવ જાગ્રત થાય છે કે, જો 'ભગવાનનો જળસ્વરૂપાત્મક વિગ્રહ' પ્રત્યક્ષ થઈને મુક્તિપથપ્રદર્શક છે તો પછી ચિંતા શેની ?

'ગંગા' નામથી જ દેશના જનમાનસમાં અમૃતનાં ઝરણ ફૂટવા લાગે છે. હજારો વર્ષોથી આપણા દેશનું પ્રતીક બની, આપણા દેશની ઓળખ આપી છે, ગરિમા પણ ! આ દેશની ચેતનાને જેટલા ઊંડાણથી આ નદીએ ઝકઝોર કરી છે એટલી કદાચ કોઈ દેવી-દેવતાએ નહિ કરી હોય. મનુષ્યના જન્મથી માંડીને મૃત્યુ સુધીની અસ્તિત્વના અહેસાસને સાર્થક કર્યો છે, સમગ્ર દેશને ભાવનાના સૂત્રમાં પરોવી દીધો છે.

આમ, ધાર્મિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક બધા દૃષ્ટિકોણોથી આ નદીએ આ દેશમાં જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે વિશ્વના ઈતિહાસમાં અભૂતપૂર્વ છે પુણ્યસલિલા ભગવતી ભાગીરથીની પીયૂષધારા ભારતીય સાંસ્કૃતિક જીવનની પ્રત્યક્ષ આધારશિલા તેમજ જીવંત પ્રેરણા રહી છે.



આયુર્વેદશાસ્ત્રની દૃષ્ટિએ 'ગંગાજળ' સર્વ પ્રકારનાં જળોમાં સર્વોત્કૃષ્ટ અને સર્વદોષનાશક છે. આ શીતળ, હલકું, તૃપ્તિદાયક, આનંદવર્ધક, બુદ્ધિવર્ધક, પાચક, જીવનશક્તિનો વિકાસ કરનારું તેમજ સમસ્ત રસાયણ-ગુણોથી ભરપૂર છે. મૂર્ચ્છા, તન્દ્રા, પ્યાસ, શરીરનો દાહ, થાક, ઉદરવિકાર, પેટના કૃમિ, કબજિયાત જેવા રોગોને નષ્ટ કરી, શરીરની સમસ્ત ધાતુઓને શુદ્ધ કરી, દેહને સુદૃઢ બનાવે છે, આયુષ્યમાં વૃદ્ધિ કરે છે. આનું સેવન કરવાથી મનુષ્યમન સાત્ત્વિક વિચારોથી પરિપૂર્ણ થાય છે.

પશ્ચિમના ચિકિત્સકો પણ લખે છે : 'સંભવિત છે કે, ગંગાજળ જે જમીનના ભાગમાંથી વહીને આવે છે એમાં રેડિયમ જેવી કોઈ વસ્તુ હોય જેથી ગંગાજળ કૃમિસમૂહનો નાશ કરવા ચમત્કારિક અદ્‌ભુત શક્તિ ધરાવે છે.'

માર્ક ટવેન કહે છે : 'આ જળ અત્યંત પવિત્ર અને શુદ્ધ છે. એનાં સ્નાન-પાનથી મનુષ્યના વિચાર શુદ્ધ થઈ જાય છે. ગંગાજળમાં સંક્રામક વીજાણુનો નાશ કરવાની અદ્‌ભુત શક્તિ છે.'

ગંગાતટ પર પ્રયાગ, વારાણસી, હરિદ્વાર, ઋષિકેશ, કર્ણપ્રયાગ આદિ અનેક તીર્થો અને પવિત્ર નગરો છે. ગંગા સર્વત્ર સુલભ પણ ત્રણ જગ્યાએ દુર્લભ મનાય છે. ગંગાદ્વાર, પ્રયાગ અને ગંગાસાગર-સંગમ.

ગંગાતટ પર અનેક સાધુ, ઋષિ-મુનિ, તત્ત્વવિદો, સંતો નિવાસ કરે છે. તીર્થોમાં જવાનું આ પણ એક મહત્ત્વનું કારણ છે; 'સંતદર્શન'. કેમકે, છેવટે તો ગંગાતીર્થ-યાત્રાનો ઉદ્દેશ્ય તો

તત્ત્વબોધ દ્વારા જન્મ-મૃત્યુરૂપ સંસારના ચક્રથી છુટકારાનો જ હોય છે ને !

ગંગામાં બધાં તીર્થો સમાહિત છે જેમ ભગવાન હરિમાં સર્વ દેવતાઓ ! જે ગંગાજળના એકેએક બુંદમાં અને તરલ તરંગોના એકએક શીતલ કણમાં તીર્થ વિદ્યમાન હોય, એના તીર્થત્વનું વર્ણન શબ્દોમાં કેવી રીતે થઈ શકે ? એટલે જ મહાભારતના 'વનપર્વ'માં કહ્યું છે : 'ગંગાસમાન કોઈ તીર્થ નથી, કેશવથી અન્ય(પર) કોઈ દેવ નથી.'

સંતપ્રવર તુલસીદાસજી કહે છે : ગંગાજી સુરસરિ ભાગીરથી છે. 'સુરસરિ સમ સબ કહઁ હિત હોઈ' શ્રીમદ્-દેવી ભાગવતમાં ગંગાના સ્વરૂપનું વર્ણન કરતાં કહેવાયું છે : 'હું સર્વાત્મા શ્રીકૃષ્ણ અને મેં અને મારી નિજ સ્વરૂપશક્તિ રાધા-બંનેએ જ ભક્તો પર અનુગ્રહ કરવા માટે આ જળમય વિગ્રહ ધારણ કરી લીધો છે.'

આમ ગંગા શ્રીભગવાન તેમજ એમની અભિન્ન સ્વરૂપાશક્તિનું દ્રવમય-જળમય સ્વરૂપ છે. તેથી તે 'શક્તિ તેમજ શક્તિમાનની મિશ્રિત મૂર્ત' શક્તિ છે.

પંડિત જગન્નાથ લખે છે : 'અમે એક અદ્‌ભુત ચમત્કારયુક્ત દૃશ્ય જોયું કે યમરાજનું નગર સૂનકારભર્યું છે. ક્યાંય કોઈ કોલાહલ, ચીત્કાર સંભળાતાં નથી. યમરાજના દૂત આમતેમ ખોજમાં દોડી રહ્યા છે કે જેથી ક્યાંક કોઈક મૃતક હાથ લાગી જાય. બીજી બાજુ સ્વર્ગલોકનો માર્ગ વિમાનોની હેરફેર ને ભીડથી ઉભરાઈ સાંકડો બની ગયો છે. આખરે આ અનહોની કેમ થઈ રહી છે ? હો ન હો મા ગંગા ! જ્યારથી તમારો



કલ્યાણકારી મહિમા, પતિતપાવની કથા ભૂમંડલ પર ફેલાઈ છે, ત્યારથી આવું અદ્‌ભુત થવા લાગ્યું છે.'

ગંગાના મહિમાનું તો શું કહેવું ? વાલ્મીકિ, વ્યાસ, ભારતના મહામનીષી કવિઓની પરંપરાથી માંડીને આજપર્યન્ત ગંગાના વિષયમાં હજારો સુંદર, પવિત્ર સ્તોત્રો રચાયાં છે. સર્વત્ર ગંગાનો અતુલનીય મહિમા ગવાયો રહ્યો છે. ગંગાકિનારાનાં મહાન તીર્થો, એના તટ પર સ્થિત મહાન ઋષિ-મુનિઓના આશ્રમ, તથા એના જળમાં-નિહિત અપાર ગુણવત્તા ગંગાને એક વિશિષ્ટ નદી જ નહિ, પવિત્રતમ કલ્યાણદાત્રી દેવીના રૂપમાં માન્યતા પ્રદાન કરે છે.

લોકોના પાપોને ધોતી રહેતી ગંગાને પ્રતીક્ષા છે એવા પુણ્યશાળીઓની, જે ગંગામાં પાપ ધોવા નહિ, પુણ્ય અર્પણ કરવા આવે છે.

જે પુણ્યસલિલા ભગવતી ગંગાની દિવ્ય ગુણવત્તાનો સમાદર કરતા વેદોએ અન્ય પાવન નદીઓની શ્રેણીમાં 'ગંગે ! યમુને ! સરસ્વતિ' મંત્ર દ્વારા સર્વ પ્રથમ સ્મરણ કર્યું હોય, 'ઔષધં જાહ્‌નવીતોયં' કહી જેના પાવન જળને સમસ્ત શારીરિક તેમજ માનસિક રોગોને નિર્મૂળ કરી દેનારી અચૂક મહાઔષધિના રૂપમાં માન્યતા મળી હોય, જેના જળને સાધારણ પાણી નહિ માની સાક્ષાત્ ભગવાનનાં જળમયરૂપ માની મસ્તકે ધારવામાં આવ્યું હોય એ ગંગાજીનો મહિમા વર્ણવવા 'મા' શારદાનો શબ્દભંડાર પણ ઓછો પડે.'

**—સંકલન**

## ॥ પૂજ્યશ્રી'મા' શ્રીગંગાજીની પંચપદપૂજા ॥

[દિવ્યસ્વરૂપા ગંગાજીનું દર્શન, એમનાં અદ્ભુત જલરાશિનો સંસ્પર્શ, એમના ગંગાતટની અપૂર્વ શુચિતા પરમ પૂજ્યશ્રી'મા'ની સમગ્ર ચેતનાને એવી રીતે ઘેરી લે છે કે, તેઓશ્રીની હૃદયવીણા પર કોઈ ને કોઈ ગીત વાગતું ન થઈ જાય તો જ નવાઈ !

પૂજ્યશ્રી'મા' પોતે પોલી વાંસળી બની જતાં પદો એમાંથી અનાયાસે વહી આવે છે. પૂ.શ્રી'મા'નાં પદોસ્વરૂપે 'દ્રવીભૂત સંવેદના' આપણને ભીંજવી દે છે.

પૂ.શ્રી'મા'નાં પદોના 'ભાવવાહી શબ્દો' તો સમજવા જ પડે પણ એની સાથે આવર્તાતો 'નિઃશબ્દનો સંકેત' પણ સમજવો પડે. અલબત્ત, આ આખીયે રસપ્રક્રિયામાં ભાવકનું ચિત્ત અદ્ભુત આનંદ-શાંતિથી પરિતોષ પામી, ધન્ય બની જાય છે.

અહીં પૂ.શ્રી'મા'નાં ગંગાજીવિષયક પાંચ પદોમાં 'ગંગાજીનું માહાત્મ્ય' અલગ-અલગ અભિગમોથી દર્શાવાયું છે, કિન્તુ, દરેક પદમાં વિનમ્ર 'મા' (વિનમ્રતા 'મા'નો સ્વભાવ નહિ, શીલ છે.) પોતાની લઘુતા અને ગંગાજીની સર્વ પ્રકારે ગુરુતાનો નિર્દેશ અચૂક કરે છે. એટલું જ નહિ, ગંગાજીની વિશેષતાઓ સમજવાનું સામર્થ્ય સદ્ગુરુ શ્રીયોગેશ્વરજીએ જ બક્ષ્યું છે; એ 'અનન્ય ગુરુભક્તિભાવ' પણ ગંગાજીના ગૌરવગાનમાં અપ્રગટ રહી શકતો નથી.

આમ, હંમેશની જેમ પૂ.શ્રી'મા'નાં આ પાંચે ગંગાવિષયક પદો પરમાત્મા પ્રત્યેની અભૂતપૂર્વ કૃતજ્ઞતાથી છલકાઈ, અભિવ્યક્તિને અત્યંત રમણીય, અનુભૂતિને વધારે પ્રભાવક બનાવી રહે છે.]



## ॥ હાક મારી તેડજો ॥

હે સુરસરિ ભાગીરથી,
 તવ ચરણમાં શત વંદના...હે
પૃથ્વીપટે પ્રત્યક્ષ છો તો
 વારે વારે તેડજો
વળગણ અમારાં કાપજો
 ને સ્મરણ દર્દ હઠાવજો...હે
અમે વિવિધ દેશે, વિવિધ કર્મે
 રમવા શ્રીઅંક છોડીએ
પટાવીને, રડાવીને
 થપ્પડ લગાવી તેડજો...હે
નિજ બાળને ફળિયે ઉતારી
 ચિંતા માત કરે ઘણી
સંભાળજો એ રીતે અમને
 હાક મારી તેડજો...હે
દૂષિત થયેલા સર્વ અંગને
 પ્રેમજળમાં ઝબોળજો
સર્વેશ્વરીની સર્વ પ્રાર્થના
 સ્નેહ ધરીને સ્વીકારજો...હે

*

## ॥ ભાગીરથી 'મા' ભિક્ષા આપો ॥

હે મા, શુદ્ધ કરી દો સાચે, અમને મુક્ત કરી દો આજે.
સર્વ વળગણને સળગાવો, મનઅંતરે બિરાજો,
મનના અવળા છે વ્યાપારો, શ્રીચરણોમાં વહાવો.
મંત્રજપમાં મસ્ત કરી દો, બીજું બધું ભૂલાવો,
ભાગીરથી મા ભિક્ષા આપો, સુહાગી અમને બનાવો.
પૂજન, અર્ચન, સ્નાન કરાવો, આપના અંકે રમાડો,
જન્મમરણનો આ છે ફેરો સર્વેશ્વરીનો મીટાવો.

*

## ॥ ગંગાજીનું સ્વરૂપ ॥

કર્મયોગિની દિવ્યસ્વરૂપા,
ત્રિભુવનતારિણી નમન અમારાં.
પાપનિવારિણી હે મા ગંગા !
નમન હજારો વાર અમારાં.
વિશેષતાને દેવો નમતા,
ઋષિમુનિ પાવનઅંકે તપતા.
દર્શનથી મુક્તિ ધરનારાં,
ભાગીરથી છે માત અમારાં.
મહાસાગરને સદા સ્મરનારાં,
ધ્યેય પ્રતિ નિત્ય વિહરનારાં.
વણથાક્યાં છે ચરણ તમારાં,
શક્તિ સ્ફૂર્તિથી ઊભરાતાં.



પુષ્પો સ્વીકારી ના હરખાતાં,
અસ્થિ પામી ના અવગણતાં.
પાપીને કદી ના અવગણતાં
સ્નાન કરાવી અંકે લેતાં.
સુણજો પ્રાર્થના હે સુરસરિ મા !
પૂરાં કરજો સપનાં અમારો.
દર્પણ બનવા ચહીએ તમારાં
'સર્વેશ્વરી' કરગરીને કહેતાં

*

## ॥ શ્રીગંગાજીની વંદના ॥

શત શત પ્રણામ માતા, જય શ્રી ગંગામાતા !
સ્વર્ગલોકથી પ્રગટ્યાં માતા, સંતજનોના હે સુખદાતા !
શંકર જટા સમાયાં જય શ્રી ગંગામાતા !

સ્વીકારી પૂજા ગંગોત્રીમાં, દેવપ્રયાગે પધાર્યાં
યોગેશ્વરે સન્માન્યાં, જય શ્રી ગંગામાતા !
ઋષિકેશમાં સૌએ વધાવ્યાં, લક્ષ્મણ ઝૂલામાં ઝુલાવ્યાં,
હરિદ્વારમાં પધાર્યાં, જય શ્રી ગંગામાતા !

પાપતાપને ધોતાં ધોતાં, હરકી પેઢી પર બિરાજ્યાં.
આરતીથી સૌએ આવકાર્યા, જય શ્રી ગંગામાતા !
દર્શનથી સૌ દર્દ મટાડ્યાં, સ્નાનપાનથી પાવન કીધા,
પ્રયાગરાજે પધાર્યા, જય શ્રી ગંગામાતા !

પ્રયાગ કાશીતીર્થ સજાવ્યાં, અંતે દક્ષિણેશ્વર આવ્યાં.
રામકૃષ્ણે આરાધ્યાં જય શ્રી ગંગામાતા !
એકમેકને ગૌરવ ધરતાં, કવિઓએ ગુણલાં ગાયા.
દેવોએ વધાવ્યાં, જય શ્રી ગંગામાતા !

ગંગાસાગરે અંકે લીધાં, 'સર્વેશ્વરી' તો નિશદિન નમતાં.
યોગેશ્વરે ઓળખાવ્યાં, જય શ્રી ગંગામાતા !

*

## ॥ ગંગાજીની આરતી ॥

જય જય જય શ્રી ગંગામાતા ! ભાગીરથી વંદું તને.

ગંગા હે મા, કલ્યાણકારિણી, બ્રહ્મસ્વરૂપા હે મા,
વિષ્ણુસ્વરૂપા હે મા ગંગા, ભાગીરથી વંદું તને.

ગંગા હે મા જીવનદાયિની, શિવસ્વરૂપા હે મા,
શક્તિસ્વરૂપા હે મા ગંગા, ભાગીરથી વંદું તને.

ગંગા હે મા ક્ષેમવતી દેવી, નારાયણીસ્વરૂપા,
શ્રી નારાયણચરણે પ્રગટી ભાગીરથી વંદુ તને.

ગંગામા હે રોગવિનાશિની, પાપવિનાશિની હે મા,
સર્વ સંકટ હરનારી, ભાગીરથી વંદું તને.

ગંગામા હે મોક્ષદાયિની, મંદિકિનીસ્વરૂપા,
મંદ ગતિથી વહેનારી મા, ભાગીરથી વંદું તને.

ગંગામા હે સ્વર્ગવાસિની, નંદિની પૃથ્વીસ્વરૂપા,
શિવામૃતા વિરજા નામે મા, ભાગીરથી વંદું તને.



ગંગામા હે લિંગધારિણી, મંગલકારી હે મા,
વરદાયિની અધીશ્વરી દેવી, ભાગીરથી વંદું તને.

હે મા ! ગંગા તારાં ચરણે શ્રી ગુરુદેવ બિરાજ્યા,
ધન્ય બનાવ્યું જીવન જેનું, ભાગીરથી વંદું તને.

હે મા ગંગા, પાવન કરજો યોગેશ્વરસ્વરૂપા
પૂર્ણરૂપે મા પ્રગટો આજ, દિવ્ય સ્વરૂપે સમાવો.

હે મા ગંગા, ધન્ય બનાવો, પૂર્ણ બનાવો પ્રેમે,
દર્શનનું દો દાન હવે તો પૂર્ણરૂપે અપનાવો.

હે મા ગંગા તારા ચરણે પ્રણામ કરું છું પ્રેમે
નમસ્કાર કરું તારા ચરણે, દંડવત્ કરું હે મા !

*

## ॥ પદપરિચય ॥

૧. પ્રથમ પદ 'હાક મારી તેડજો'માં પૂ.શ્રી'મા' પોતાનાં દૂષિત તન-મનનું શુદ્ધીકરણ ઝંખે છે. પૃથ્વીપટે ગંગાજી પ્રત્યક્ષ છે, દૈવીશક્તિનું મૂર્તિ રૂપ છે તેથી તેમનો શ્રીઅંક છોડીને અન્યત્ર પ્રલોભનોમાં પડી જતાં બાળકોને પોતાના પ્રેમજળમાં ઝબોળવા, સ્નેહથી સ્વીકારવા પ્રાર્થના કરે છે.

૨. દ્વિતીય પદ 'ભાગીરથી મા ભિક્ષા આપો'માં સર્વ વળગણો સળગાવી, મનઅંતરમાં એવી રીતે બિરાજવા કહે છે, જેથી મનના સર્વ અવળાવ્યાપારો ગંગાજીનાં શ્રીચરણોમાં વહી જાય. અને બીજું બધું ભૂલાવી, મંત્રજપમાં મસ્ત બનાવાની ભિક્ષા ધરી પોતાને સુહાગી બનાવે. પૂજન-અર્ચન-પ્રક્ષાલનની

કોઈપણ વિધિ-રીતિથી ગંગાજી પોતાના શ્રીઅંકે રમાડી, પોતાને જન્મમરણના ફેરામાંથી મુક્ત કરે.

૩. તૃતીય પદમાં 'ગંગાજીનું સ્વરૂપ' કર્મયોગિની, દિવ્યસ્વરૂપા, ત્રિભુવનતારિણી જેવાં વિશેષણોથી સ્ફુટ કરી, પોતાનાં હજાર-હજાર નમનોથી ગંગાજીને પૂ.શ્રી'મા' સન્માને છે.

ગંગાજીની વિશેષતા કેવળ દર્શનથી મુક્તિ ધરવાની એવી અનુપમ છે કે ઋષિમુનિ જ નહિ, દેવો પણ વંદી ધન્ય બને.

અનન્ય મહિમાવંતાં હોવા છતાં મહાસાગરને સ્મરણસ્થ રાખી, એ ધ્યેય તરફ નિત્ય ગતિમાન રહેતાં એ થાકતાં તો નથી જ પણ અપૂર્વ શક્તિ-સ્ફૂર્તિથી છલકતાં રહે છે. કોઈ પુષ્પ ધરે કે અસ્થિ, હર્ષ ને શોકથી સદા પર રહે છે. પાપીની અવજ્ઞા કરવાને બદલે એને પ્રક્ષાલિત કરી, શુદ્ધ કરી, અંકે લે છે.

આવાં કરુણાળુ સુરસરિ-સ્વર્ગગંગા અમારી પ્રાર્થના સાંભળી, અમારાં સ્વપ્ન પૂરાં કરજો. અમે તમારું દર્પણ બની તમારી પવિત્રતા, નિર્મળતા, પ્રેમનાં પ્રતિબિંબો ધારી શકીએ. — એની કાકલૂદીભરી પ્રાર્થના અતિ સ્નેહાર્દ્ર સ્વરે પૂ.શ્રી'મા' પદાન્તે કરી, વિરમે છે; એમાં સંવેદના પરાકાષ્ઠાએ પહોંચી, પદની અભિવ્યક્તિને અત્યંત રસમય અને કલાયમ બનાવી રહે છે.

૪. ચતુર્થપદ 'શ્રી ગંગાજીની વંદના'માં પૂજ્યશ્રી'મા' ગંગાજીનો આખો ભૌગોલિક પરિવેશ, આધ્યાત્મિક સંદર્ભમાં અભિવ્યક્ત કરી, શ્રીગંગાજીના અસ્તિત્વના પ્રત્યેક અંશનો મહિમા કરે છે. પછી દક્ષિણેશ્વરમાં શ્રીરામકૃષ્ણે, જેમને આરાધ્યાં અને શ્રીગંગાજીએ જેમનું ગૌરવ કર્યું એવાં શ્રીગંગાજીની મહત્તા વર્ણવી, આવાં પરમ મહિમાવંત શ્રીગંગાજીએ પોતાને અંકે લીધાં, તો એમને નિશદિન નમન કર્યા



વિના પૂ.શ્રી'મા' કેમ રહી શકે ?

છેવટે શ્રીગંગાજીના સાચા સ્વરૂપની ઓળખ તો પરમ સદ્‌ગુરુએ કરાવી તેથી પોતે ઓળખી શક્યાં. એમ કહી પૂ.શ્રી'મા' પૂજ્યશ્રી યોગેશ્વરજીનાં સામર્થ્ય તેમજ સહજ કૃપાની નોંધ લેવાનું ચૂકતાં નથી.

૫. 'ગંગાજીની આરતી' તો પૂ.શ્રી'મા'ની સંનિધિમાં, શ્રીગંગાજીની-એનાં ખળખળ વહેતા પુનિત જળની સમીપ, ગંગાતટ પરથી શાંત-શીતળ હવાની લહેરોની સાક્ષીએ ભક્તજનો સમૂહમાં કીર્તનરૂપે ગાય અને પદના એક-એક ઉચ્ચરિત શબ્દો સાથે, ત્યાં ઉપસ્થિત સર્વનો એક ભાવસંબંધ રચાય અને આખા વાયુમંડળમાં એક અલૌકિક અનુભૂતિની દિવ્યતા સિદ્ધ થતાં, બધાં પોતાના શરીર-મનથી પરે જે આત્મિક પ્રસન્નતાનો લય હિલ્લોલ અનુભવે તે અનુભવવા હરિદ્વાર-આર્યનિવાસ પરમ પૂજ્યશ્રી'મા'નાં શ્રીચરણ સુધી પહોંચવું પડે. કોઈ કલમની તાકાત નથી, એ ભવ્ય-પુનિત-આંદોલનો એકઠાં કરી, એનાં અણુ-પરમાણુના અદ્‌ભુત સ્પર્શની અનુભૂતિ કરાવી શકે.

એ તો 'માંહી પડ્યા મહાસુખ માણે', માણી શકે. 'વિગલિત વેદ્યાન્તર' બધું જ વિસરાઈ જાય, એવી 'ભાવસમાધિની દશા' એ આરતી ગાનાર-સાંભળનાર અનુભવી ધન્ય બને છે.

અલબત્ત, કેવળ દેખણહારા પણ દાઝવાને બદલે યત્‌કિંચિત પણ એ આનંદની ઝલક માણવા સદ્‌ભાગી બને છે. એ ગંગાજીની 'આરતીની રચના' તેમજ એના 'રચયિતા' 'પૂ.શ્રી'મા'ની અસીમ કૃપા'ની દેન છે.

**—સંકલન**

## ॥'ગંગા' શબ્દનો અર્થ ॥

'ગંગા' શબ્દની વ્યુત્પત્તિ 'ગમ્' ધાતુ પરથી થઈ છે 'ગમ્' એટલે 'વિચરણ'. તેથી ગંગા સંચારનું પ્રતીક છે. એમાં પ્રાણિક સ્પંદન છે અર્થાત્ જીવનપ્રવાહ છે, જે અવિરત ગતિથી મન, જીવ તેમજ જડ પદાર્થના ત્રણે ધરાતલો પર વહ્યા કરે છે.

હિમાલયમાં ગંગાની ચાર ધારાઓ છે : અલકનંદા, ભાગીરથી, મંદાકિની અને જાહ્નવી. દેવપ્રયાગમાં આ બધી મળીને એક થયા પછી તેનું નામ 'ગંગા' બન્યું છે.

## ॥ ગંગામા : અનન્ય ઉદાર મુક્તિદાતા ॥

એક સંત હંમેશાં નિશ્ચિત થઈને ગંગાકિનારે ચાદર ઓઢીને સૂઈ રહેતા. કોઈ કહેતું; 'બાબા, ભજન તો કરો.' તો એ કહેતા, 'હે ભાઈ, મારી 'મા'ની નજર મારા પર છે. જ્યાં સુધી 'મા'ની દૃષ્ટિમાં છું, સુરક્ષિત છું. સંસારની સાધારણ 'મા' પણ પોતાના બાળકને સર્વ વિપદાઓથી બચાવી, એનું લાલન-પાલન કરે છે. ત્યારે મારી ગંગામાં મારું કંઈ બગડતું જોઈને ચૂપ રહેશે શું ? ભાઈ ! બાળક 'મા'નું ભજન કરે ન કરે, પરંતુ 'મા' જ એવી છે કે જે પોતાના બાળકને સદા સંકલ્પબળથી સુરક્ષા અર્પે છે. આ 'મા' જેવા ઉદાર મુક્તિદાતા આ પૃથ્વીપટે અન્ય દેવ છે ખરા ? હોય ખરા ?'

## ॥ શંકર-પાર્વતીનો માર્મિક સંવાદ ॥

એકવાર હરિદ્વારમાં પાર્વતીજીએ ભગવાન શંકરને પૂછ્યું; 'પ્રભુ ! હજારો લોકો ગંગામાં સ્નાન કરી રહ્યા છે, છતાં તેમનાં પાપોનો નાશ કેમ નથી થઈ રહ્યો ?' ત્યારે ભગવાન બોલ્યા; 'તેમણે ગંગામાં સ્નાન કર્યું જ નથી. માત્ર પાણીમાં-પાણીથી સ્નાન કર્યું છે.'

—સંકલન



# ॥ જ્ઞાન-વિજ્ઞાન ॥

શ્રીમદ્ ભગવદ્‌ગીતાના સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે; 'હે અર્જુન, એ જ્ઞાન હું તને વિજ્ઞાનની સાથે પૂરેપૂરું કહી બતાવું છું. એ જાણી લીધા પછી આ જગતમાં બીજું જાણવા જેવું કશું જ નહિ રહે.'

તો નવમા અધ્યાયમાં પણ કહ્યું છે; 'જ્ઞાન અને વિજ્ઞાનને બરાબર જાણવાથી અશુભમાંથી છૂટી શકીશ.'

ઉપનિષદ પણ કહે છે કે; 'એ પરમાત્માના વિજ્ઞાન માટે ગુરુની પાસે જવું.' જ્ઞાન અને વિજ્ઞાન બંને શબ્દોનો પ્રયોગ, એવી રીતે ગીતા તથા ઉપનિષદે પોતાની આગવી શૈલીમાં કરી બતાવ્યો છે. એક જ્ઞાન છે અને બીજું વિજ્ઞાન એટલે કે વિશેષ જ્ઞાન છે. વિશેષ જ્ઞાન એટલે અનુભવસિદ્ધ જ્ઞાન.

માણસ સ્વતંત્ર ચિંતન-મનન તથા શાસ્ત્રાધ્યનને પરિણામે જે જ્ઞાન મેળવે છે તેને કેવળ જ્ઞાન કહેવામાં આવે છે. એને એક પ્રકારની બૌદ્ધિક માહિતી, પંડિતાઈ કે વિદ્વત્તા પણ કહી શકાય. એ જ્ઞાન બુદ્ધિ અથવા મગજમાં કેદ થઈ રહેવાને બદલે જીવનના વ્યવહારમાં સાકાર બને અથવા માણસના રોજબરોજના અનુભવનું અવિભાજ્ય અંગ બને, એના લોહીમાં, ધમનીના ધબકારમાં કે શ્વાસોચ્છ્‌વાસમાં ભળી જાય અને જીવન સાથે સંમિશ્રિત થાય ત્યારે વિજ્ઞાન બને છે. વિજ્ઞાન એટલે સાક્ષાત્કાર કરાયેલું અનુભવજ્ઞાન. એ બંનેમાં આસમાન-જમીનનો તફાવત છે. જો માણસ જ્ઞાન મેળવીને અટકી જાય છે અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ નથી કરતો તો તેને જરૂરી શાંતિ નથી મળતી. એના જીવનમાં સંવાદિતાની સ્થાપના નથી થતી. એના મનની

શુભાશુભ વૃત્તિના ગજગ્રાહનો અંત નથી આવતો. અને એનું ઘર્ષણ નથી ટળતું. વિદ્વત્તા, પંડિતાઈ કે બૌદ્ધિક પ્રતિભાથી એકબીજાને ચકિત કરી કે આંજી શકે છે ખરો, જીવનમાં અમુક જાતનો આનંદ પણ અનુભવી શકે છે, પરંતુ એથી આગળ વધીને જીવન અને આદર્શ જીવન જીવ્યાનો સાચો સંતોષ નથી મેળવી શકતો. જીવનની અલ્પતા, પરવશતા, મલિનતા અને વૃદ્ધાવસ્થામાંથી મુક્તિ મેળવવાનું કામ એને માટે આકાશ-કુસુમ સમાન અશક્ય બની જાય છે. એ જીવનની સફળતાનો ઉત્સવ નથી કરી શકતો. એટલા માટે જ જ્ઞાન મેળવીને બેસી રહેવાને બદલે માણસ વિજ્ઞાની બને અથવા અનુભવજ્ઞાનમાં પ્રતિષ્ઠિત થાય ને એ જ્ઞાનને આચારમાં ઉતારે એ અત્યંત આવશ્યક છે.

ભારતીય સંસ્કૃતિએ એના ઉષઃકાળથી જ એ વિચારને વહેતો કર્યો છે. એને સમજવા માટે ઉપનિષદમાં આવતા એક પ્રસંગ પર દૃષ્ટિપાત કરી જઈએ. એ પ્રસંગના પ્રારંભમાં જ કહેવામાં આવ્યું છે કે એકવાર નારદજી સનત્કુમાર ઋષિ પાસે ગયા ને કહેવા માંડ્યા કે, 'ભગવન્, મને જ્ઞાન આપો. મારી પાસે જે જ્ઞાન છે તેથી મને શાંતિ નથી.'

સનત્કુમારે પૂછ્યું કે, 'તમે અત્યાર સુધી કઈ જાતનું ને કેટલું જ્ઞાન મેળવ્યું છે ?'

નારદજી બોલ્યા કે, 'હું ચારે વેદ જાણું છું. દર્શનશાસ્ત્રો પણ જાણું છું. એ ઉપરાંત નક્ષત્રવિદ્યા, જ્યોતિષવિદ્યા, ખગોળશાસ્ત્ર, ઈતિહાસ, સર્પવિદ્યા, નૃત્ય, શિલ્પ, સંગીત, વનસ્પતિશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા, બધામાં મેં પ્રવીણતા પ્રાપ્ત કરી છે. વિદ્યાની એવી એકે શાખા-પ્રશાખા નથી કે જેમાં મારો પ્રવેશ ના હોય. એ બધું હોવા છતાં મારા અંતરની અશાંતિ નથી મટી. એ અશાંતિની



જ્વાળા શી રીતે શાંત થાય તે મને નથી સમજાતું. માટે જ હું તમારી પાસે આવી પહોંચ્યો છું.'

સનત્કુમારે સ્મિત કરીને કહ્યું કે, 'તમે જે વિદ્યાની ગણતરી કરી બતાવી તે તો અપરાવિદ્યા અથવા સાધારણ વિદ્યા છે. એમાં પરાવિદ્યા અથવા સર્વશ્રેષ્ઠ વિદ્યાનો સમાવેશ નથી થતો. પરા અને અપરા બંને વિદ્યાઓ જાણવા જેવી છે, પરંતુ શાંતિની પ્રાપ્તિ તો માત્ર પરાવિદ્યાથી જ થઈ શકે છે. અપરાવિદ્યાથી નથી નથી. પરાવિદ્યા એટલે આત્મવિદ્યા-આત્માનુભૂતિ અથવા તો પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કે સાક્ષાત્કાર. 'યેન તદક્ષરમ ધિગમ્યતે' । જેની મદદથી અવિનાશી પરમાત્માનો પરિચય કરી શકાય તે વિદ્યા અથવા સાધના. એ સાધનામાં તમે કાચા છો. તમે તો કેવળ શાસ્ત્રજ્ઞાન ને લૌકિક જ્ઞાન જ મેળવ્યું છે. પરંતુ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોને જીવનમાં ઉતારીને, જીવનને નિર્મળ કરીને, આત્માના સાક્ષાત્કારને માટે એકધારી, ચોક્કસ, સતત સાધના નથી કરી. એવી સાધનામાં લાગી જાઓ તો સનાતન શાંતિનો અનુભવ જરૂર થશે.'

સનત્કુમારની સૂચના પ્રમાણે કહે છે કે નારદજીએ સાધનાપરાયણ થઈને શાંતિ મેળવી લીધી. એ જ્ઞાની તો હતા જ, પણ હવે વિજ્ઞાની બન્યા, ને કૃતાર્થ થઈને વિચરણ કરવા લાગ્યા.

આપણી વર્તમાન પ્રજાને માટે એ નાનકડા પ્રસંગમાં ઘણો મોટો બોધપાઠ સમાયેલો છે. આપણે ત્યાં જ્ઞાનની કેટલીય શાખાપ્રશાખાઓ ખૂલતી જાય છે, વિદ્યાનાં વિવિધ ક્ષેત્રો ખેડાતાં જાય છે, બહારનું જ્ઞાન વધતું જાય છે, ને માણસ માહિતીના ભંડાર કે કેન્દ્ર જેવો બનતો જાય છે. ધર્મ તથા તત્ત્વજ્ઞાનમાં

ગ્રંથોનું અધ્યયન અથવા ચિંતન-મનન પણ ઓછું નથી થતું. પુસ્તકો, પુસ્તકાલયો, કથા-કીર્તનો, સંમેલનો ને સત્સંગો દ્વારા પણ જ્ઞાનનું વિતરણ થતું જાય છે. છતાં પણ માણસના મનમાં શાંતિ નથી, સંવાદ નથી, સ્થિરતા નથી અને એના જીવનમાં પણ ઘર્ષણ, ગડમથલ, કટુતા, સ્વાર્થ, લોલુપતા, વાસના અને અશાંતિ છે. એ બધું તો ઠીક, પણ સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનમાં પશુતાની સ્મૃતિ કરાવનારી ને પશુને પણ શરમાવારી કેટલીક મલિન અપ્રામાણિક પદ્ધતિઓનો આશ્રય લેવાય છે અને કેટલાંય દૂષણોનું દર્શન થાય છે ત્યારે ઘડીભરને માટે પ્રશ્ન થાય છે કે એનું કારણ શું ?

એનાં બીજાં કારણો ગમે તે હોઈ શકે, પરંતુ એક મોટું કારણ એ પણ છે કે સંસારમાં જ્ઞાન વધતું જાય છે, પરંતુ વિજ્ઞાન નથી વધતું. વિચાર ને આચાર અથવા આદર્શ ને વ્યવહારની એકવાક્યતાનો અભાવ છે. માણસ જેને સત્ય, શુભ કે શ્રેયસ્કર સમજે છે એને કાયમ માટે આચરણમાં નથી ઉતારી શકતો, એનો વ્યવહારમાં અનુવાદ નથી કરી શકતો. એની પાસે જે જ્ઞાન છે તે એના જીવનને જ્યોતિર્મય કરવા અને એને સુખશાંતિ આપવા માટે પૂરતું છે. પરંતુ એ જ્ઞાનનો અમલ કરવામાં એક યા બીજા કારણે એ પાછો પડે છે. મહાભારતના દુર્યોધનની જેમ એ ધર્મને જાણે છે, પરંતુ એમાં એની પ્રવૃત્તિ નથી. અધર્મ શું છે અથવા શું નથી કરવા જેવું અથવા અહિતકર છે એ પણ સમજે છે, છતાં એમાંથી એ નિવૃત્ત નથી થઈ શકતો. વિચાર અને આચાર વચ્ચેની આ મોટી ખાઈ, આદર્શ અને વ્યવહાર વચ્ચેનું આ મોટું અંતર અને એના પરિણામે પેદા થયેલો કાયમનો ગજગ્રાહ આજના બુદ્ધિમાન માનવના જીવનની એક સમસ્યા



છે. એનો ઉકેલ ન થાય ત્યાં સુધી શાંતિ નહિ મળી શકે. મનની શાંતિ માટે બહુ મોટી વિદ્વત્તા, પંડિતાઈ, બૌદ્ધિક પ્રતિભા કે તર્કશક્તિ નથી જોઈતી. જે થોડું જ્ઞાન આપણી પાસે છે તે પર્યાપ્ત છે. પરંતુ એ જ્ઞાન આપણા જીવનમાં ઊતરે એ આવશ્યક છે. એને માટે જેટલો પણ પ્રયાસ થાય એટલો ઓછો છે.

ક્રોધ કરવો ખરાબ છે ને ક્રોધ કરવાથી નુકશાન થાય છે એ આપણે જાણીએ છીએ, છતાં પણ ક્રોધ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણું એ જ્ઞાન પલાયન થઈ જાય છે. કામવાસના, અભિમાન,રાગ અને દ્વેષ પણ ઠીક નથી, એની આપણને ખબર હોય છે. છતાં એના સકંજામાંથી છૂટવાનો પ્રાથમિક પ્રયાસ ભાગ્યે જ કરવામાં આવે છે. કુકર્મોના શિકાર પણ કેટલાય લોકો બનતા જ જાય છે. માનવજીવન ઘણું મૂલ્યવાન છે, પળેપળે પસાર થઈ રહ્યું છે, અને એક દિવસ એના પર કામચલાઉ પડદો પડી જશે, એ જાણવા છતાં પણ એ જ્ઞાનનો ઉપયોગ કરીને જીવનમાં વધારે ને વધારે વિશુદ્ધ, સેવાભાવી ને ઈશ્વરપરાયણ બનવાના પરિશ્રમ કરવામાં ને લખવામાં માણસોની કુશળતા સહેલાઈથી દેખાઈ આવે છે. એમાં એ જરાક પણ પાછા નથી પડતા. પરંતુ એ જ ઉપદેશોનો કે આદર્શોનો અમલ કરવાનો વખત આવે ત્યારે પંગુ સાબિત થાય છે. અનુભૂતિ સિવાયની એવી સમજ કોઈનુંયે કલ્યાણ નથી કરી શકતી.

શ્વેતકેતુ વિદ્યા પ્રાપ્ત કરીને પોતાના પિતા ઉદ્દાલકની પાસે આવ્યો ત્યારે એના મુખ પર અહંકાર હતો. પિતાને થયું કે શ્વેતકેતુની વિદ્યા કાચી છે, નહિ તો એ અહંકારી બનવાને બદલે નમ્ર બની જાત. ઉદ્દાલકે એને પૂછ્યું કે, 'यज्ज्ञात्वा सर्वमिदं विज्ञातं भवति' જે જાણવાથી સર્વ કાંઈ જાણી શકાય છે તે તેં જાણ્યું ?

શ્વેતકેતુએ કહ્યું કે, 'એ જ્ઞાન તો મને નથી મળ્યું.'

ઉદ્દાલકે એને વડનો ટેટો લાવવાની આજ્ઞા કરી.

એ ટેટાને શ્વેતકેતુ પાસે તોડાવીને ઉદ્દાલકે પૂછ્યું કે, 'તારી પાસે શું છે ?'

શ્વેતકેતુએ કહ્યું કે, 'અત્યંત સૂક્ષ્મ એવું બીજ છે.'

ઉદ્દાલકે કહ્યું, 'એ બીજમાંથી વિશાળ વટવૃક્ષનું નિર્માણ થઈ શકે તેમ છે. એટલે એ બીજમાં વૃક્ષ રહેલું છે તે તું જાણે છે ?'

શ્વેતકેતુએ કહ્યું, 'હા.'

એટલે ઉદ્દાલકે આગળ કહ્યું કે, 'એવી જ રીતે પરમાત્મામાંથી સૃષ્ટિનું સર્જન થયું છે. એ પરમાત્મા અવિનાશી છે.'

શ્વેતકેતુની પાસે ઉદ્દાલકે પાણીનું પાત્ર મંગાવ્યું, અને એમાં મીઠાનો ગાંગડો નાખવા કહ્યું.

બીજે દિવસે એ પાત્ર પાછું મંગાવ્યું ને પૂછ્યું, 'મીઠાનો ગાંગડો ક્યાં ગયો ?'

'ઓગળી ગયો.' શ્વેતકેતુએ ઉત્તર આપ્યો.

'હવે પાણીને ઉપરથી ચાખીને કહે કે કેવું લાગે છે ?'

'ખારું લાગે છે.'

'વચ્ચેથી ?'

'વચ્ચેથી પણ ખારું છે.'

'નીચેથી ?'

'નીચેથી પણ ખારું છે.'

'એના પરથી ખાતરીપૂર્વક સમજાય છે કે મીઠું પાણીમાં મળીને એકાકાર થઈ ગયું છે. એવી રીતે પરમાત્મા પણ



સંસારમાં સર્વત્ર છે. સંસારમાં જે પ્રેમ, શાંતિ, સત્ય છે એ એમનાં જ છે. એ પરમાત્માને જાણવાથી બીજું બધું જ જાણી શકાય છે.'

પુત્રનો અહંકાર ઓગળી ગયો. પરમાત્માને ઓળખીને એ વધારે નમ્ર બન્યો.

ઉપનિષદ એ ઉદાહરણ દ્વારા કહેવા માગે છે કે વિજ્ઞાન માનવને નમ્રાતિનમ્ર બનાવી દે છે.

જ્ઞાનની પ્રાપ્તિ કરવાથી બૌદ્ધિક સમાધાન મળી શકશે, પરંતુ જીવનું શ્રેય તો વિજ્ઞાનથી જ થઈ શકશે. માટે જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય કરવાની આવશ્યકતા છે. વિજ્ઞાન દ્વારા પરમાત્માનો પોતાની અંદર અને બહાર બધે જ અનુભવ થવાને લીધે જીવનમાં ક્રાંતિ થશે. સૌ પર પ્રેમ થશે, એમાં સુખ અને સૌની શાંતિની વૃત્તિ ને પ્રવૃત્તિ થશે, તથા રાગદ્વેષ, અહંતા, મમતા અને આસક્તિનો અંત આવી, સમસ્ત જીવન જ્યોતિર્મય, પવિત્ર, પારદર્શક ને પ્રભુમય બની જશે. જીવનની એવી કૃતકૃત્યતા તથા વ્યાવહારિક સફળતાને માટે પણ વિજ્ઞાનની આવશ્યકતા છે. જ્ઞાનનું લક્ષ્ય એ જ હોવું ઘટે. આજે આપણે ચારિત્ર્યનિર્માણને મહત્ત્વનું માનીએ છીએ ત્યારે જ્ઞાનની સાથે વિજ્ઞાનનો આદર પણ કરવો પડશે. પ્રજા બાહ્ય વિકાસની દૃષ્ટિએ ગમે તેટલી આગળ વધે પણ જો ચારિત્ર્યની દૃષ્ટિએ પછાત હોય તો શક્તિશાળી નથી બની શકતી અને એની સમૃદ્ધિ પણ કાયમને માટે ટકીને એને તથા બીજાને માટે આશીર્વાદરૂપ નથી થતી.

જ્ઞાન, ભક્તિ, યોગ, કર્મ ને ચારે સાધનમાર્ગમાં વિજ્ઞાન એટલે કે વિશેષ અનુભવજ્ઞાનનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

યોગમાં આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધારણા પછી ધ્યાન અને સમાધિ મારફત પરમાત્માનો પ્રત્યક્ષ પરિચય કરવાનો આદેશ અપાયેલો છે. જ્ઞાનમાર્ગમાં વિવેકાદિ ષટ્સંપત્તિની પ્રાપ્તિ કરી, સદ્ગુરુદ્વારા પરમાત્મતત્ત્વનો ઉપદેશ ગ્રહણ કરી, એકાંત-સેવન દ્વારા સાધનાપરાયણ બનીને એ પરમાત્માનો પોતાની અંદર ને બહાર બધે સાક્ષાત્કાર કરવાનો સ્વીકાર કરાયેલો છે.

ભક્તિમાં પણ કેવળ બહારની ઉપાસનામાં ઇતિકર્તવ્યતા માનીને બેસી રહેવાને બદલે એ ઉપાસનાનો આધાર લઈ. છેવટે ઈશ્વરને માટેનો પરમપ્રેમ પેદા કરી, ઈશ્વરનું દર્શન કરવાનું છે. અને કર્મમાર્ગમાં પણ કર્મોનાં અનુષ્ઠાનથી ઉત્તરોત્તર હૃદયશુદ્ધિ સાધતાં રહી, સૌના હિતમાં રત રહી, હૃદયમાં ઈશ્વરાનુગ્રહને લીધે જાગેલી જ્ઞાનજ્યોતિની મદદથી ચરાચરમાં રહેલા પરમાત્માનો અનુભવ કરવાનો છે. જીવનવિકાસના એ ચાર માર્ગોમાંથી કોઈયે માર્ગ બાહ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને બેસી રહેવાનો આદેશ નથી આપતો. એ ચારે માર્ગો માણસને જ્ઞાનમાંથી વિજ્ઞાનમાં પ્રવેશવાની સૂચના કરે છે. ઉપનિષદ તો સાફ શબ્દોમાં કહે છે કે;

'નાયમાત્મા પ્રવચનેન લભ્યો
ન મેધયા ન બહુના શ્રુતેન.'

પરમાત્માની પ્રાપ્તિ નથી પ્રવચનોથી થતી, નથી બુદ્ધિથી થતી કે નથી ઘણું સાંભળવાથી થતી. એને માટે તો વિશેષ જ્ઞાન અથવા અનુભૂતિના પ્રદેશમાં જ પ્રવેશવું પડે છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ સુંદ-ઉપસુંદની કથા ॥

ભારતવર્ષના સાંસ્કૃતિક, ધાર્મિક સાહિત્યભંડારમાં પુરાણોનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે. એમની અંદર પણ મહાભારતનું મહત્ત્વ સવિશેષ છે. વેદ, ઉપનિષદ ને દર્શનશાસ્ત્રોના ગહનતમ જ્ઞાનસિદ્ધાંતોને સરળતાથી ને સંપૂર્ણપણે સમજવાનું કાર્ય સામાન્ય બૌદ્ધિક પ્રતિભાવાળા માનવોને માટે અતિશય કપરું હોવાથી, પરહિતપરાયણ સ્વાનુભવસંપન્ન મહર્ષિ વ્યાસે મહાભારત જેવાં મહાપુરાણોની રચના કરી છે અને એમની દ્વારા કથાત્મક ધર્મ ને તત્ત્વજ્ઞાનવિષયક જુદા જુદા સંદેશને પ્રવાહિત કર્યા છે. મહાભારતને માટે તો એવું કહેવાય છે કે જે એમાં નથી તે બીજે ક્યાંય નથી અને જે એમાં છે તે બીજે ક્યાંય નથી. જ્ઞાન-વિજ્ઞાનની એવી કોઈ યે શાખા-પ્રશાખા નથી જેના વિશે મહર્ષિ વ્યાસે મહાભારતમાં પોતાના વિચારો પ્રકટ ના કર્યા હોય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-માનવજીવનના એ ચતુર્વિધ પુરુષાર્થોને લક્ષ્ય કરીને એમાં ચિંતન-મનની રસભરપૂર સામગ્રી પીરસવામાં આવી છે. એ સામગ્રી સનાતન અને પ્રેરણાત્મક હોવાથી આજે પણ સમય બદલાયો હોવા છતાં પણ, એટલી જ રસમય અને ઉપયોગી છે.

મહાભારત ભારતવર્ષનો સાંસ્કૃતિક ગૌરવગ્રંથ છે. એમાં આવતી જુદી જુદી કથાઓ અને ઉપકથાઓ માનવજીવન અને રાષ્ટ્રના અભ્યુત્થાનને માટે અસાધારણ ઉપકારક તત્ત્વોથી ભરપૂર છે. સુંદ અને ઉપસુંદ નામના અસુરોની ઉપકથા એવી જ ચિરંજીવ ને પ્રેરક કથા છે. એ ઉપકથાનો પરિચય કરવા જેવો છે.

હિરણ્યકશિપુના વંશમાં નિશુંભ નામે એક પરમ પરાક્રમી પ્રતાપી દૈત્ય થઈ ગયો. સુંદ અને ઉપસુંદ બંને એના જ પુત્રો હતા. મોટા થતાં એ પરાક્રમી, પ્રતાપી ને ક્રૂર પ્રકૃતિના ભાઈઓ દૈત્યોના સરદાર બન્યા.

એમની વચ્ચે એટલો બધો પ્રેમભાવ તથા મેળ હતો કે વાત નહિ. એ બંને સાથે જ રહેતા, સાથે જ જમતા, ને સાથે જ ફરતા, એમના દેહ જુદા પણ આત્મા જાણે એક હતા.

વખત વિતવા સાથે એમના અંતરમાં ત્રિલોકનું સ્વામિત્વ પ્રાપ્ત કરવાની મહત્ત્વાકાંક્ષા પેદા થઈ એ મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઈને એમણે શાસ્ત્રોક્ત રીતે દીક્ષા લઈને વિંધ્યાચલ પર્વત પર જઈને તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો.

તપશ્ચર્યા પણ કેવી ? એકદમ કઠોર કહી શકાય એવી. અન્ન તથા જળનો ત્યાગ કરીને કેવળ વાયુ પર રહીને બંને ઉપર હાથ ઉઠાવીને સૂર્યની સામે દૃષ્ટિને સ્થિર કરીને એ તપવા માંડ્યા.

એમના પ્રબળ તપથી પ્રસન્ન થઈને એમની આગળ બ્રહ્મા પ્રકટ થયા. એમણે વરદાન માગવા કહ્યું તો એ પ્રણામ કરીને બોલ્યા.

‘દેવ ! તમે અમારા પર પ્રસન્ન થઈને અમને વરદાન આપવા માગતા હો તો અમે બંને માયાવી, શાસ્ત્રાસ્ત્રમાં કુશળ, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, બળવાન અને અમર બની જઈએ એવું વરદાન આપીને અમને કૃતાર્થ કરો.’

બ્રહ્માએ કહ્યું, ‘મનુષ્યો કે દૈત્યોને માટે અમર બનવાનું અશક્ય છે. અમર તો કેવળ દેવો જ બની શકે છે. એટલે અમર બનવા સિવાયનાં તમે માગેલાં બીજાં વરદાન તમને આપી રહ્યો છું. અમર બનવાનું વરદાન તમને નહિ આપી શકું.’



‘તો પછી એને બદલે એવું વરદાન આપો કે અમે દુનિયાના કોઈ પણ પ્રાણી કે પદાર્થથી ના મરીએ. અમારું મૃત્યુ જ્યારે થાય ત્યારે એકબીજાના હાથે જ થાય.’ સુંદ અને ઉપસુંદ બોલ્યા.

‘તથાસ્તુ’. કહીને બ્રહ્મા પોતાના દિવ્ય લોકમાં જવા માટે ચાલી નીકળ્યા, અને તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત થયેલા વરદાનથી સંતુષ્ટ બનેલા સુંદ અને ઉપસુંદ ઘેર આવ્યા.

ઘેર આવીને અહંકારથી ઉન્મત્ત બનીને મોટો ઉત્સવ કર્યો.

એ ઉત્સવમાં એમના બંધુઓ, મિત્રો તથા સ્નેહીઓએ પણ ભાગ લીધો.

એ પછી થોડોક વખત આનંદપ્રમોદમાં પસાર કરીને એ બંને ભાઈઓ દિગ્વિજય કરવા તૈયાર થયા.

એ માયાની શક્તિવાળા ભયંકર અસુરોના ઉત્પાતને લીધે પ્રજા દુઃખી બની ગઈ.

એમની ભયંકર પ્રવૃત્તિ જોઈને જિતેન્દ્રિય મુનિઓ અને મહાત્મા પુરુષોની પીડાનો પાર ના રહ્યો. એમની ચિંતા, વેદના અને અશાંતિનો અતિરેક થતાં એમણે બ્રહ્મલોકમાં જઈને સુંદ અને ઉપસુંદ તથા એમના અનુચરોના અનર્થની વાતો બ્રહ્માને કહી બતાવીને પ્રજાની પીડાના નિવારણ માટે પ્રાર્થના કરી.

બ્રહ્માએ એમને આશ્વાસન આપ્યું અને એ અસુરોનો નાશ કરવા માટે વિશ્વકર્મા પાસે એક સુંદર સ્ત્રી કરાવી. સૃષ્ટિનાં શ્રેષ્ઠ રત્નોના અંશમાંથી એની રચના થઈ હોવાથી બ્રહ્માએ એનું નામ તિલોત્તમા પાડ્યું. બ્રહ્માના આદેશથી એ અસુરોને મોહિત કરવા માટે ચાલી નીકળી.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને જોઈને ભાન ભૂલી ગયા અને

એનો હાથ પકડીને ઊભા રહ્યા. તિલોત્તમા બોલી કે મારો સંકલ્પ છે કે હું કોઈ એકની જ થઈશ, બેની નહિ થાઉં.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને મેળવવાના ઉદ્દેશથી ભયંકર ગદાયુદ્ધમાં પ્રવૃત્ત થયા.

બંને એકબીજા પર તૂટી પડ્યા.

બંનેનાં શરીર લોહીથી લથપથ થઈ ગયાં અને એ આખરે નિર્જીવ બનીને ચિત્કાર કરતા ધરતી પર ઢળી પડ્યા.

તિલોત્તમા પોતાનું કાર્ય સંપૂર્ણપણે સફળ થયેલું જોઈને સંતોષ પામી. દેવો, મુનિઓ અને બ્રહ્માએ એને અભિનંદન આપ્યાં.

આ કળાત્મક કથા શું સૂચવે છે ? માનવ પ્રખરમાં પ્રખર તપ કરે ને મોટામાં મોટી શક્તિ મેળવે તો પણ પ્રકૃતિના મોહપાશમાંથી નથી છૂટતો ત્યાં સુધી સ્વસ્થતા, પૂર્ણતા કે મુક્તિ નથી મેળવી શકતો. પોતાના જીવનનું શ્રેય પણ નથી સાધી શકતો. સ્વાર્થરૂપી માયા, સત્તારૂપી માયા, શરીરની મોહિનીરૂપી મોહમાયા માનવને ચલિત કરી, સંમોહિત બનાવીને એને એની નિષ્ઠામાંથી ડગાવીને, જો એ સાવધાન ના હોય તો એનો મૃત્યુઘંટ વગાડી દે છે. માટે માનવે જાગ્રત રહેવાની, જુદી જુદી જાતના મોહમાંથી મુક્તિ મેળવવાની ને શક્તિનો સદ્ઉપયોગ કરવાની આવશ્યકતા છે. જે પોતાની બુદ્ધિ તથા શક્તિનો દુરુપયોગ કરે છે તે વિનાશ પામે છે એમાં સંશય નથી. સામાન્ય ને અસામાન્ય સઘળા માનવોએ એ સંદેશને અથવા બોધપાઠને યાદ રાખવાનો છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ ભગવાન કૃષ્ણનું સ્મિત ॥

કુરુક્ષેત્રના વરસો પહેલાંના વિશાળ યુદ્ધમેદાનમાં કલ્પનાની પાંખ પર ચઢીને ચાલો જરા પહોંચી જઈએ.

કૌરવ તથા પાંડવોની પ્રચંડ સેનાઓ શસ્ત્રસજ્જ બનીને એકમેકનો સંહાર કરવાના આશયથી ઊભી રહી છે.

કુરુક્ષેત્રની મહામહિમાવંતી તીર્થભૂમિ એકાએક યુદ્ધભૂમિમાં પલટાઈ ગઈ છે.

યુદ્ધ પણ કેવું ? મિત્રો, સંબંધીઓ, ગુરુજનો તથા ભાઈઓ વચ્ચેનું પાંડવોએ શ્રીકૃષ્ણને પોતાના રથના સારથિ બનાવ્યા છે. સ્થૂળ રથના જ નહિ પરંતુ પોતાના સમગ્ર જીવનના સૂક્ષ્મરથના પણ શ્રીકૃષ્ણ પથપ્રદર્શક, પ્રકાશદાતા તથા પ્રેરણામૂર્તિ બન્યા છે. અર્જુનના રથના ઘોડાની લગામ પોતાના હાથમાં લઈને એ રથમાં બેસી રહ્યા છે ત્યારે એમનો દેખાવ કેટલો બધો આકર્ષક, આનંદદાયક અને અદ્ભુત લાગે છે !

પરંતુ ત્યાં તો રથમાં બેઠેલા અર્જુને શ્રીકૃષ્ણને કહેવા માંડ્યું, 'આ યુદ્ધમાં અમારી સાથે લડવા માટે કોણ કોણ એકઠા થયા છે તે જોવાની મને ઇચ્છા થઈ છે. એટલા માટે આપણા રથને બંને સેનાની મધ્યમાં લઈ જઈને ઊભો રાખો.'

અર્જુને યુદ્ધ કરવા માટે એકઠા થયેલા યોદ્ધાઓ પર દૃષ્ટિપાત કર્યો.

પરંતુ એ દૃષ્ટિપાત ઘણો વિચિત્ર નીકળ્યો.

અને પરિણામે અર્જુનનો યુદ્ધને માટેનો ઉત્સાહ એકદમ ઓસરી ગયો. એ નાહિંમત ને નિરાશ બની ગયો. એના જ

ઉદ્‌ગારોમાં કહીએ તો —

'યુદ્ધના વિશાળ મેદાનમાં લડવા માટે ભેગાં થયેલાં આ સ્વજનોને નિહાળીને હે કૃષ્ણ મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મારાં અંગો ખેંચાવા માંડે છે. મોઢું સૂકાય છે, શરીરે પ્રસ્વેદ વળે છે, રોમાંચ થાય છે, ચામડીમાં બળતરા પેદા થાય છે તથા હાથમાંથી ગાંડીવ સરી પડે છે. મારું મન ભમવા લાગે છે ને મારાથી ઊભા રહેવાનું નથી બનતું. આમ બધી જાતનાં લક્ષણો મને વિપરીત દેખાય છે. યુદ્ધમાં સ્વજનોને મારવાથી કોઈ પ્રકારનું શ્રેય થશે એવું મને નથી લાગતું.'

'હે કૃષ્ણ, મારે રાજ્ય, સુખ કે વિજય કશું જ નથી જોઈતું. જેમની સાથે રહીને અમને રાજ્યભોગ તથા સુખો સારાં લાગ્યાં હોત તે તો બધા ધનસંપત્તિ તથા પ્રાણોના મોહનો પરિત્યાગ કરીને આ યુદ્ધ મેદાનમાં મરવા માટે ઊભા રહ્યા છે. અહીં ઊભેલા આચાર્યો, પિતૃઓ, પુત્રો, પૌત્રો તથા જુદી જુદી જાતના સંબંધીઓને ત્રણેલોકનું રાજ્ય મળતું હોય તો પણ મારવા તૈયાર ન થઉં, તો સાધારણ ધરતી માટે તો તેમને મારી શકું જ કેવી રીતે ? એમને કે કૌરવોને હણવાથી મને પાપ જ લાગે, અને સુખ તો સ્વપ્ને પણ સાંપડે જ નહિ.'

'એમની બુદ્ધિ તો લોકવૃત્તિથી હણાયેલી હોવાથી એ કુળના નાશના અપરાધનો કે મિત્રોના દ્રોહનો પાપનો વિચાર નથી કરી શકતા, પરંતુ અમે તો એ વિચાર કરી શકીએ છીએ, તો એ પાપમાંથી પાછા કેમ ના વળીએ ? મને તો લાગે છે કે રાજ્યસુખની લાલસાથી સ્વજનોનો સંહાર કરવા તૈયાર થઈને અમે ઘણું મોટું પાપ કરી રહ્યા છીએ, એના કરતાં તો શસ્ત્રસજ્જ કૌરવો મને શસ્ત્ર વિનાનો ને પ્રતિકાર કર્યા સિવાયનો જોઈને યુદ્ધમાં હણી નાખે એ જ વધારે કલ્યાણકારક થઈ પડે.'

એવા ઉદ્‌ગાર કાઢીને કુરુક્ષેત્રની ભૂમિમાં યુદ્ધ કરવાની પૂરેપૂરી તૈયારી સાથે આવેલો અર્જુન ગાંડીવને મૂકીને શોકમગ્ન



મનથી રથમાં બેસી ગયો અને મારે યુદ્ધ નથી કરવું એવું સ્પષ્ટ સંભળાવીને મૌન રહ્યો.

ભગવાન શ્રીકૃષ્ણની કસોટીનો સાચો સમય તો હજુ હવે જ શરૂ થયો. અર્જુનની પરિસ્થિતિ એમની ખરેખરી પરીક્ષા કરનારી પુરવાર થઈ. એ મહાન જ્ઞાની અને યોગી, યોગીઓના યોગી હતા. આગળ પર એનો ઉપદેશ પણ એ અર્જુનને આપવાના હતા.

પરંતુ ઉપદેશ આપવો એ એક વાત છે અને એ પ્રમાણે ચાલવું એ જુદી જ વાત છે. કેટલાય લોકો એવા હોય છે જે બીજાને ઉપદેશ આપવામાં કુશળ હોય છે. પરંતુ પોતે તે પ્રમાણે નથી ચાલતા. માણસના સદુપદેશની સાચી કિંમત તેનું પોતાનું જીવન એનાથી કેટલા પ્રમાણમાં સુવાસિત થયેલું કે શક્તિશાળી બનેલું છે એમાં રહેલી છે. ખાસ કરીને પ્રતિકૂળ સંજોગોમાં એની કસોટી વધારે થાય છે. દુઃખમાં, વિપત્તિમાં ને પ્રતિકૂળતામાં એ મોટેભાગે ચળી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણના સંબંધમાં પણ જો એવું જ થાય તો એ પણ એક સામાન્ય મનુષ્ય જ કહેવાય ને ? પણ એ સામાન્ય ન હતા, અસામાન્ય હતા, એમની જગ્યાએ કોઈ બીજો સામાન્ય મનુષ્ય હોત તો એવી કે એને મળતી પરિસ્થિતિમાં ગભરાઈ જાત, ઉત્તેજીત બનત, કે ગુસ્સે થાત, ને ના કહેવા જેવા શબ્દો કહી સંભળાવત પણ શ્રીકૃષ્ણ પૂર્ણ યોગી તથા મનમાં વિજેતા હોવાથી શાંત જ રહ્યા. એ જાણતા હતા કે અત્યારે અર્જુન યુદ્ધ કરવાની ના ભલે પાડે, છેવટે તો એ લડશે જ, યુદ્ધ અવશ્ય ભાવિ છે માટે એમના મુખ પર એવું જ સ્મિત ફરકી રહ્યું.

એ વિશેષતા આપણે માટે અનુકરણીય છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એવી રીતે જો આપણે સ્વસ્થ રહી શકીએ તો જીવનના જંગને જરૂર જીતી શકીએ. કોઈપણ કાળે હતાશ ના થવું ખૂબ જ જરૂરી છે.

—શ્રી યોગેશ્વરજી

## ॥ સેવાયજ્ઞોની આવશ્યકતા ॥

મહાભારતને મોતીની કોઈ અસાધારણ ખાણની સાથે જ સરખાવી શકાય. એની અંદર મોતી કરતાં પણ મહામૂલ્યવાન જીવનોપયોગી અનેક પ્રસંગો છે. એ પ્રસંગોના પરિચયથી આપણને આનંદ તો મળે છે જ, પરંતુ પ્રેરણાની પ્રાપ્તિ થાય છે.

એ પ્રસંગોમાંથી એક સુંદર પ્રસંગનો પરિચય કરવા જેવો છે. મહાભારતના ભીષણ યુદ્ધસંહારને પરિણામે પેદા થયેલ શોકને દૂર કરવા યુધિષ્ઠિરે અશ્વમેઘ યજ્ઞ કર્યો. એ યજ્ઞનો અશ્વ સમસ્ત ભારતમાં ફરીને એકાદ વરસમાં પાછો આવ્યો. કોઈ એને રોકી કે બાંધી શક્યું નહિ.

યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. બ્રાહ્મણો તથા ગરીબોને ધનધાન્યની પ્રાપ્તિ થઈ. મહારાજા યુધિષ્ઠિર યજ્ઞની સફળતાના ઉલ્લાસમાં યજ્ઞભૂમિમાં બેઠા હતા. એ વખતે ત્યાં એક નોળિયો આવી પહોંચ્યો. એ નોળિયો બીજા સામાન્ય નોળિયા કરતાં જુદી જાતનો હતો. એનું અડધું શરીર સોનાનું હતું.

યજ્ઞભૂમિમાં આવીને એ નોળિયો ખૂબ આળોટ્યો. અને પછી મનુષ્યની જેમ સભાજનોની સામે હસીને કહેવા માંડ્યો કે આ યજ્ઞને શું તમે સૌથી ઉત્તમ કહો છો ? આ યજ્ઞ કરતાં તો કુરુક્ષેત્રની પુણ્યભૂમિમાં મેં જે યજ્ઞનું દર્શન કરેલું તે યજ્ઞનો મહિમા વધારે હતો.

નોળિયાની વાત સાંભળીને સભાજનો નવાઈ પામ્યા. ત્યારે નોળિયાએ કહ્યું કે, એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. હું સાચું જ કહું છું કે આ બહારથી મોટા દેખાતા યજ્ઞ કરતાં મેં જોયેલો પેલો સેવાયજ્ઞ દેખીતી રીતે ઘણો નાનો છતાં પણ ચઢિયાતો હતો.



નોળિયાની વાત સાંભળીને સૌને એ વિશે જાણવાની ઈચ્છા થઈ. એટલે નોળિયાએ નજરે જોયેલી ઘટના કહેવા માંડી. એના કથનનો સાર એવો હતો કે કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવોનું ઘોર યુદ્ધ થયું તે પહેલાં લાંબા વખત પહેલાં એ ભૂમિમાં એક દીન બ્રાહ્મણ તેનાં પુત્રી, પુત્રવધૂ ને પુત્રની સાથે રહેતો હતો. એ ચારે દિવસમાં માત્ર એક જ વાર જમતાં અને ખેતરમાંથી ખેડૂત દાણા લઈ જાય પછીથી પડી રહેલા દાણા વીણીને ગુજરાન ચલાવતાં.

એવી રીતે કેટલાક કાળ સુધી એમણે ઉગ્છવૃત્તિવ્રત પાળ્યું, પછી દેશમાં દુકાળ પડ્યો. એટલે એમને માટે મુશ્કેલી ઊભી થઈ. એ દિવસોમાં એક વાર એમને મહામુસીબતે માંડ માંડ થોડા જવ મળી શક્યા. એ જવનો સાથવો બનાવીને એના ચાર સરખા ભાગ કરીને એ ખાવા બેઠાં.

એ જ વખતે એમની પાસે એક અતિથિ આવી પહોંચ્યો. અતિથિને દેવ માનીને એની યથાશક્તિ સેવા કરવાની પરિપાટી એ વખતે પ્રચલિત હતી. તે પ્રમાણે બ્રાહ્મણે પોતાનો ભોજન ભાગ અતિથિને આપી દીધો.

અતિથિને હજી પૂરી તૃપ્તિ નથી થઈ એ જોઈને બ્રાહ્મણની સ્ત્રીએ, પછી બ્રાહ્મણના પુત્રે અને બ્રાહ્મણની પુત્રવધૂએ પણ પોતાને ફાળે આવેલો ભાગ તેને સ્વેચ્છાથી અર્પણ કર્યો.

અતિથિ એ ભોજનથી તૃપ્ત થયો તે બોલ્યો કે તમારી અતિથિસેવાની ભાવનાને ધન્ય છે. એથી હું પ્રસન્ન થયો છું. ભૂખ્યાને ભોજન આપવાનો આત્મસમર્પણ ભાવથી ભરેલો આજે જે યજ્ઞ થયો છે એની આગળ અશ્વમેઘ અને રાજસૂય યજ્ઞની પણ વિસાત નથી.

એવું કહીને અતિથિદેવ અદૃશ્ય થયા. પછી એ વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને બ્રાહ્મણને એના પરિવાર સાથે

સ્વર્ગલોકની પ્રાપ્તિ થઈ.

નોળિયાએ ઉપસંહાર કરતાં કહ્યું કે, એ સેવાયજ્ઞની પરિસમાપ્તિ પછી મારા નજીકના દરમાંથી બહાર નીકળીને એ અતિથિના એંઠા પતરાળા પર હું આળોટ્યો. એ પતરાળામાં લગીર સાથવો હતો. તેના સ્પર્શથી મારું અડધું શરીર સોનાનું થઈ ગયું ! રાજા યુધિષ્ઠિરના વિશાળ યજ્ઞની વાત સાંભળીને હું અહીં પણ આવી પહોંચ્યો. પરંતુ યજ્ઞભૂમિમાં આળોટવા છતાં મારું શેષ શરીર સોનાનું ના થઈ શક્યું. એટલે જ, મારા અનુભવના આધાર પર કહું છું કે આ યજ્ઞ કરતાં પેલો યજ્ઞ શ્રેષ્ઠ હતો.

સભાજનો નોળિયાની વાત સાંભળીને પ્રસન્ન થયા. નોળિયાની વાતનો મર્મ ઘણો મોટો હતો. જે યજ્ઞોની પાછળ હજારો કે લાખો રૂપિયા ખર્ચાય છે, પુષ્કળ સામગ્રી વપરાય છે અને જે અંગત સ્વાર્થવૃત્તિને સંતોષવા, પ્રતિષ્ઠાને પોષવા, રૂઢિ અથવા પરંપરાનું પાલન કરવા, દેખાદેખીથી કરવામાં આવે છે તેના કરતાં બીજાની અંદર ઈશ્વરના પરમપ્રકાશની ઝાંખી કરીને, બીજાને સુખશાંતિ અને આરામ આપવાના, બીજાનાં આંસુને લૂછવાના, બીજાની પીડાને શમાવવાના, બીજાને એક યા બીજી રીતે ઉપયોગી થવાના, અથવા બીજાને માટે ઘસાવાના, સેવાયજ્ઞો વધારે કિંમતી છે, ઉપયોગી છે, ને કલ્યાણકારક છે. એવા સેવાયજ્ઞો વધારે કિંમતી છે, ઉપયોગી છે, ને કલ્યાણકારક છે. એવા સેવાયજ્ઞો જ્યારે પ્રત્યેકના જીવનમાં શરૂ થશે ત્યારે પોતાને માટે તો શ્રેયસ્કર કે શાંતિકારક થશે જ, પરંતુ બીજાની અથવા તો સમસ્ત સમાજની પણ કાયાપલટ કરી દેશે. સમસ્ત સમાજ એથી સોનેરી બનશે એવા નિઃસ્વાર્થ સેવાયજ્ઞોની આપણને આવશ્યકતા છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ તક્ષક અને કાશ્યપ ॥

મરવાનું કોને ગમે છે ? કોઈકને જ. જગતના મોટા ભાગના મનુષ્યો તો જીવનને વધારે ને વધારે દીર્ઘ તથા સુખી જીવનને જ ઈચ્છે છે. અમર જીવનની અભિલાષા પણ કેટલાક રાખતા હોય છે.

રાજા પરીક્ષિત પણ એમાં અપવાદરૂપ નહોતા. પોતાને તક્ષક નાગના કરડવાથી સાત દિવસમાં મૃત્યુ થવાનો શાપ મળ્યો છે એ જાણીને ચિંતામાં ડૂબી ગયા. પોતાના મંત્રીઓની સલાહ પ્રમાણે એક સ્તંભની ઉપર એક સુરક્ષિત ભવન બનાવડાવ્યું. એ ભવનમાં એમણે રહેવા માંડ્યું અને એમાં પોતાની સાથે અનેક અનુભવી વૈદ્યો, ઔષધિઓ તથા મંત્રીની મદદથી સાપના વિષને દૂર કરવાની વિદ્યા જાણનારા બ્રાહ્મણોને રાખવામાં આવ્યા.

મંત્રીઓ અને અંગરક્ષકો પ્રતિપળ એમની પાસે રહીને એમની રક્ષા કરતા. રાજાની અનુજ્ઞા વિના એમની પાસે કોઈ પણ ના જઈ શકતું.

એવી પૂર્ણ તૈયારીમાં છ દિવસ પસાર થઈ ગયા પછી સાતમે દિવસે કાશ્યપ નામે એક વિદ્વાન બ્રાહ્મણ રાજા પરીક્ષિત પાસે જવા તૈયાર થયો. રાજાને મળેલા શાપની ખબર હોવાથી એણે નક્કી કર્યું કે રાજાને આજે તક્ષક નાગ કરડશે તે પછી મારા મંત્રબળથી હું એમને જીવતા કરી દઈશ. કશ્યપ મહાન મંત્રવેત્તા હતો.

બીજી બાજુથી તક્ષક પણ પોતાનું કામ પૂરું કરવા માટે ચાલી નીકળ્યો.

એણે ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવાની પોતાની શક્તિથી વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું ને કાશ્યપની આગળ આવીને પૂછ્યું :

‘આજે તમે કોઈ અગત્યના કામે જઈ રહ્યા હો એવું લાગે છે. તમારી ચાલ ઝડપી છે એવું કયું કામ આવી પડ્યું છે ?’

કાશ્યપે કહ્યું :

'રાજા પરીક્ષિતને આજે તક્ષક નાગ કરડવાનો છે. એમને જીવતા કરવાની અભિલાષાથી હું એમની પાસે જઈ રહ્યો છું.'

'તો તમે એમને જીવતા કરી શકો એમ છો ?'

'જરૂર.'

'કેવી રીતે ?'

'મારી પાસે મૃતસંજીવની વિદ્યા છે. સાપના વિષને દૂર કરવાની વિદ્યાનું પણ એ જ્ઞાન છે.'

તક્ષકે થોડોક વિચાર કરીને કહ્યું, 'મારા દંશથી નિષ્પ્રાણ બનેલાને જો તમે જીવાડી શકતા હો તો મને તમારી એ શક્તિનો પરચો બતાવો. આ પાસેના વૃક્ષને મારા ઝેરથી જલાવી દઉં છું. તમે તેને પુનર્જીવિત કરો.'

કાશ્યપે કહ્યું, 'તમે વૃક્ષને ખાખ કરશો તો પણ મારી શક્તિથી હું તેને લીલુંછમ કરી દઈશ.'

તક્ષકે એ વિશાળ વૃક્ષને દંશ દીધો કે તરત જ એ એના વિષના પ્રભાવથી સળગી ઊઠ્યું.

પરંતુ કાશ્યપે તરત જ પોતાની વિદ્યાનો પ્રયોગ કરી બતાવ્યો. એણે એ વૃક્ષની રાખને ભેગી કરી અને પોતાના મંત્રપ્રયોગથી જોતજોતામાં એ વૃક્ષને પહેલાંની પેઠે લીલુંછમ કરી દીધું.

તક્ષકને ભારે આશ્ચર્ય થયું. એને વિશ્વાસ થઈ ગયો કે કાશ્યપ પોતાનું કર્યું કારવ્યું ધૂળમાં મેળવશે.

એણે એક બીજી યુક્તિ અજમાવી.

'તમે રાજાને જીવતા કરતા જાવ છો તે કોઈક વસ્તુપ્રાપ્તિની કામનાથી જ જતા હશો ને ? તમારી કામના દુર્લભ હશે તો પણ હું એની પૂર્તિ કરી દઈશ. એને માટે તમારે રાજા પાસે નહિ જવું પડે. બ્રહ્મશાપથી રાજાના આયુષ્યનો નાશ થયો હોવાથી એમને પુનર્જીવિત કરવાના કામમાં તમને સફળતા ના પણ મળે. તો એ પરિસ્થિતિમાં તમારો આજ સુધીનો ઉજ્જવળ યશ ફિક્કો પણ પડી જાય.'

તક્ષકની એ યુક્તિ સફળ નીવડી. કાશ્યપે જણાવ્યું.



'રાજાને પુનર્જીવિત કરવા પાછળનું મારું પ્રયોજન ધનની પ્રાપ્તિ કરવાનું છે.'

'તો પછી હું તમને જેટલું જોઈએ તેટલું ધન આપું.'

કાશ્યપે ધ્યાન ધરીને જોયું તો રાજાનું આયુષ્ય ક્ષીણ થયેલું લાગ્યું એટલે એમને જીવાડવાનો પુરુષાર્થ કરવાને બદલે એ તક્ષક પાસેથી ઇચ્છાનુસાર ધન લઈને વિદાય થયો.

તક્ષકે પોતાના અનુચરોને એ બધું જણાવ્યું એટલે એ પણ રાજી થયા. રાજા પરીક્ષિતના મૃત્યુની ભૂમિકા તૈયાર થઈ ગઈ.

કાશ્યપ ને તક્ષકના મેળાપનો મહાભારતનો આ પ્રસંગ આપણને સૂચવે છે કે ધનની લિપ્સાથી પ્રેરિત થઈને માણસ શું નથી કરતો ? એ લિપ્સા આગળ એની વિદ્યા, સમજશક્તિ, ધીરજ, નિષ્ઠા, વીરતા તથા પવિત્રતા બધું જ ગૌણ બની જાય છે, ઝાંખું પડી જાય છે, ધનની લાલસામાં અટવાયેલો માણસ પોતાના સાચા સ્વાર્થને ભૂલી જાય છે. બીજાના હિતને ભૂલી જાય છે, સમાજ અને રાષ્ટ્રના હિતને ભૂલી જાય છે. ને કેટલીકવાર ના કરવાનાં કામ પણ કરી બેસે છે. સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં આવાં ઉદાહરણો અનેક બને છે. એ બધાં ભયસ્થાનોમાંથી માણસે બચવું જોઈએ. વ્યક્તિ, સમષ્ટિ કે રાષ્ટ્રના જીવનનો નાશ કરવા માગનારા અને એને માટેની પોતાની અનર્થકારક યોજનાઓની આગળ કોઈ કાશ્યપની કર્તવ્યપરાયણતાને ફાવવા ના દેનારા તક્ષકો સમાજમાં ઓછા નથી. સમાજની સુખશાંતિ કે સમૃદ્ધિ હરી લેનારા એ તક્ષકોથી સૌ કોઈએ ચેતતા રહેવાનું છે.

કાશ્યપે કર્તવ્યપરાયણ થઈને રાજાની પાસે જઈને ધારેલું કર્યું હોત તો ઈતિહાસ જુદો જ હોત. ધન તો એને રાજા પાસેથી પણ મળી રહેત, એનો યશ પણ અક્ષત રહેત અને સમાજને લાભ થાત. તક્ષકના કરડવાથી શાપ તો સફળ થાત જ, પરંતુ કાશ્યપ રાજાને ભલે થોડા વખતને મોટે પણ પુનર્જીવિત કરત તેથી એનું ને એની વિદ્યાનું ગૌરવ વધત. પરંતુ એની લાલસાને લીધે એવું ના થઈ શક્યું.

**—શ્રી યોગેશ્વરજી**

## ।। વિનમ્ર બનો ।।

કાશ્યપ ઋષિને એમની ઈચ્છાનુસાર ધન પ્રદાન કરીને પાછા વાળીને તક્ષક પોતાનું ધારેલું કામ કરવાના ઉદ્દેશથી ઉત્સાહિત થઈને હસ્તિનાપુરની દિશામાં ચાલી નીકળ્યો.

એને પોતાના કાર્યમાં સફળતા મેળવવા સંબંધી કોઈ પ્રકારનો સંદેહ ના રહ્યો.

રસ્તામાં એને સમાચાર મળ્યા કે રાજા પરીક્ષિતે એક વિશેષ પ્રકારના ભવનનું નિર્માણ કરાવીને એમાં રહેવાનું શરૂ કર્યું છે અને અનેક જાતના વૈદ્યો, ઔષધિશાસ્ત્રજ્ઞો, અસ્ત્રશસ્ત્રધારી અંગરક્ષકો તેમ જ સાપના વિષને ઉતારવામાં કુશળ ઉસ્તાદો આઠે પહોર એમની રક્ષા કરે છે.

એવા સંપૂર્ણપણે સુરક્ષિત રાજાની પાસે પહોંચવાનું કામ દેખીતી રીતે મુશ્કેલ હોવા છતાં તક્ષક હિંમત ના હાર્યો ને ડર્યો અથવા ગભરાયો પણ નહિ. એણે શાંતિપૂર્વક વિચાર કરીને પોતાની અદ્‌ભુત રહસ્યમયી માયાથી રાજાને સાંપડેલો શાપ સફળ કરવાની યોજના ઘડી કાઢી.

એ યોજનાનુસાર એણે એના અનુચર જેવા બીજા નાગને તપસ્વીઓના વેશમાં રાજાની પાસે મોકલ્યા. તક્ષકે એમને આદેશ આપ્યો કે તમે કોઈ પણ પ્રકારના ભય કે સંકોચ વિના મુનિઓના વેશ ધારણ કરીને રાજાની પાસે જાવ અને એમને આશીર્વાદરૂપે ફળ, ફૂલ, મૂળ અર્પણ કરો પછી આગળનું કામ હું કરી લઈશ.

તક્ષકના અનુચર નાગ તપસ્વીઓનો વેશ ધારણ કરી રાજા



પરીક્ષિત પાસે જઈ પહોંચ્યા. એમણે રાજાને શુભાશીર્વાદ આપીને ફળફૂલ અર્પણ કર્યાં.

એમની વિદાય થયા પછી એમના પ્રસાદરૂપે પ્રાપ્ત થયેલા એ ફળમાંથી થોડાંક ફળ ખાવાની ઈચ્છા રાજાએ પોતાના ચતુર મંત્રીઓ પાસે પ્રકટ કરી.

મંત્રીઓની સંમતિથી રાજાએ ખાવા માટે એક ફળ લીધું.

એ ફળનું ભક્ષણ કરતાં એમની દૃષ્ટિ એની અંદરના એક કીડા પર પડી.

એ કીડો એકદમ નાનો હતો. એની આંખ કાળી હતી અને એના શરીરનો રંગ લાલ હતો.

એ કીડાને પકડીને રાજા પરીક્ષિતે પોતાના મંત્રીઓને કહ્યું કે, સૂર્યાસ્ત થઈ રહ્યો હોવાથી હવે મને વિષનો ડર નથી લાગતો. આ કીડો જો તક્ષક બનીને મને કરડે તો પણ શું થયું ? એ મને કરડે તો ઋષિપુત્રે આપેલો શાપ સફળ થાય.

મંત્રીઓનાં મન પણ એ વખતે જાણે કે મોહિત થઈને ભાન ભૂલ્યાં હોય તેમ કશું જ ના બોલ્યા.

વૈદ્યો તથા ઔષધિશાસ્ત્રજ્ઞો પણ મૂક રહ્યા.

ઘડીના છઠ્ઠા ભાગમાં, અરે નિમિષ માત્રમાં, જે નાટક થઈ ગયું તેની કોઈને ખબર જ ના પડી.

કેવું વિચિત્ર નાટક ?

રાજા પરીક્ષિતને જાણે કે ભાન જ ન રહ્યું હોય તેમ, એ કીડાને એમણે પોતાની ગરદન પર મૂક્યો. એમને સમજાયું નહિ કે કીડાનું રૂપ તક્ષકે જ ધારણ કરેલું છે. અથવા કીડાના રૂપમાં બીજું કોઈ જ નથી પરંતુ તક્ષક પોતે જ છે.

મંત્રીઓ અને અંગરક્ષકોને જો એની સહેજ પણ ગંધ આવી હોત તો કીડાને કદાચ ત્યાં જ કચડી નાખત. એ એને ગમે તે ઉપાયે પણ જીવતો ના જવા દેત. પરંતુ એ પણ રાજાની આજુબાજુ એમનો વિચિત્ર અભિનય જોતાં મંત્રમુગ્ધ બનીને ઉદાસીનની જેમ ઊભા જ રહ્યા.

રાજાએ કીડાને પોતાની ગરદન પર મૂક્યો કે તરત જ કીડાના રૂપમાં રહેલા તક્ષકે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.

એને જોઈ બધા ચમક્યા.

પરંતુ એથી વધારે કાંઈ પણ થઈ શકે એ પહેલાં તો તક્ષક વિકરાળ રૂપ ધારણ કરીને રાજાની ગરદનની આજુબાજુ વીંટળાઈ વળ્યો. શાપથી પ્રેરિત થયેલા એ ભયંકર તક્ષકે રાજાને દંશ દઈને પોતાનું કામ પૂરું કર્યું.

મંત્રીઓ રડવા લાગ્યા.

બીજા કેટલાક લોકો ભયભીત બનીને છૂપાવા તથા નાસવા લાગ્યા.

થોડા વખતમાં તો લાલ કમળના રંગવાળા નાગરાજ તક્ષકને સૌએ આકાશમાર્ગથી ચાલ્યો જતો જોયો.

એના વિષના પ્રભાવથી સ્તંભના આધારે ટકી રહેલું એ સુંદર ભવન પણ સળગવા લાગ્યું. એટલે રાજાને છોડીને સૌ નાસવા માંડ્યા.

રાજા નિષ્પ્રાણ બની ગયા.

પહેલાંના ઋષિઓના આશીર્વાદ અથવા શાપ નિષ્ફળ નહોતા જતા એ તો સાચું જ, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે જે થવાનું છે તે કદી પણ કોટિ ઉપાયે પણ અન્યથા નથી થતું.



માણસ ગમે તેટલી કોશિશ કરે કે સુરક્ષાની ગમે તેવી યોજનાઓ ઘડે તો પણ કાળ પોતાનું કામ કરવાનો જ. મૃત્યુ એને મહાત કરવાનું જ. એવું વિચારીને એણે નમ્ર બનવાનું છે, જાગ્રત થવાનું છે, ને જીવનનું શ્રેય સાધવા કટિબદ્ધ બનીને અનેક જાતના દુષ્કર્મોમાંથી છૂટવાનું છે.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ ચમત્કારિક પથ્થર ॥

ઈ.સ. ૧૯૫૬ની વાત છે. મુંબઈથી એક ભાઈ મારી પાસે થોડો વખત શાંતિથી રહેવા ઋષિકેશ આવ્યા હતા. તેમની ઈચ્છા, પહેલા હું રહેતો હતો તે સ્થાન દેવપ્રયાગ જોવાની થઈ. દેવપ્રયાગમાં હું લગભગ સાત વરસ સુધી ગામની બહાર જંગલમાં રહ્યો હતો. એક ભાઈએ પોતાની જ જમીનમાં ત્યાં મારે માટે નાની સરખી ઓરડી બંધાવી હતી. પાસે પાણીનું ઝરણું અને નાની નદી હોવાથી એ સ્થાન મને ઘણું ગમી ગયું હતું. પાંચ વરસ સુધી હું ત્યાં એકલો જ રહ્યો ને પછીનાં બે વરસ માતાજી સાથે રહ્યો.

બદરીનાથના રસ્તે આવતા દેવપ્રયાગનો એ આશ્રમ તો હવે પડી ગયો હતો. એનું નામોનિશાન પણ રહ્યું નહતું, છતાં એ ભાઈને આશ્રમની એ જગ્યા જોવાની ઈચ્છા થઈ, એટલે અમે દેવપ્રયાગ આવ્યા. ગામમાં એક ઓળખીતા ભાઈને ત્યાં ઉતારો કરીને, બપોરે અમે આશ્રમની એ જગ્યા જોવા ગયા, પર્વતીય પગદંડી પરથી ખૂબ જ સાવધાનીપૂર્વક પસાર થતાં છેવટે અમે એ

જગ્યા પર આવી પહોંચ્યા. એ જ ઝરણું, નીચે ખીણમાં શાંતા નામની એ જ નાનકડી નદી, એ જ વન, એ જ આકાશને અડવા મથતા ઊંચા ઊંચા પર્વતો ને આંબાનું ઝાડ. ફક્ત નીચે પેલી ઓરડી ન હતી.

'આ અમારી જગ્યા.' મેં પેલા ભાઈને કહ્યું : 'આ નદી અને આ ઝરણું.'

'અત્યંત એકાંત અને ભયંકર જગ્યા છે. આવી જગ્યામાં તમે આટલા વરસ કેવી રીતે રહી શક્યા અને એ પણ ઊગતી જુવાનીમાં ?' એ ભાઈએ પૂછ્યું. જગ્યા જોઈ એમને ભારે નવાઈ લાગી.

મેં કહ્યું : 'પ્રભુકૃપાની વાત છે. એની કૃપા હોય તો જ આવાં એકાંત સ્થાનોમાં રહી શકાય. એ જે ધારે તે કરે છે ને કરાવે છે.'

એટલીવારમાં તો એમની નજર પર્વતની થોડેક ઉપર અટકી રહેલા લગભગ સો મણના એક પથ્થર પર પડી.

'આ શું છે ?' તેમણે પૂછ્યું. 'આ પથ્થર અહીં કોઈપણ જાતના આધાર વિના કેવી રીતે અટકી રહ્યો છે ?'

મેં કહ્યું : 'એને કોઈ સાધારણ પથ્થર ન સમજશો. એ પથ્થર નથી, પરમાત્માની કૃપાનું પ્રતીક છે. અથવા કહો કે પરમાત્માની કૃપાનો મૂંગો સાક્ષી છે.'

'તે કેવી રીતે ?'

ઝરણા પાસે બેસી મેં એમને કહ્યું : 'એનો ખુલાસો તો માતાજી પણ આપી શકે તેમ છે, છતાં હું જ આપું. સાતમે વરસે અહીં રહ્યા હતા ત્યારે વરસાદનું ભયંકર તોફાન થયું. એ



તોફાનને લીધે આ પથ્થરવાળા પર્વત ઉપર એક પાણીનો ઢાળિયો છે તે તૂટી પડ્યો. પછી તો પૂછવું જ શું ? બેત્રણ ઠેકાણેથી તૂટેલો એ ઢાળિયો અમારી ઓરડીની બેઉ બાજુથી વહેવા માંડ્યો. ઢાળિયા નીચે કાચો પર્વત હતો, એટલે એ પર્વતની માટી ને પર્વતના મોટા મોટા પથ્થરો પાણીની સાથે નીચે પડવા લાગ્યા. પર્વતોમાં બાંધેલાં મકાનો પાયા વિનાનાં જ હોય છે. અમારી ઓરડી પણ એવી જ હતી. એક જ મોટો પથ્થર એ ઓરડી પર પડે તો આખી ઓરડી ધરાશયી થઈ જાય, સામેની ખીણમાં પડી જાય, અને અમે બેઉ પણ કાયમને માટે શાંત થઈ જઈએ એવું હતું. વધારે ભાગે રાતે જ વરસાદ પડતો ને તોફાન પણ રાતે જ થતું. એ વખતે શાંતિ ધારણ કરી અમે ઈશ્વરનું સ્મરણ કરતાં બેસી રહેતા.'

'ઈશ્વરનું સ્મરણ ? એવે વખતે ઈશ્વરનું સ્મરણ થાય જ કેવી રીતે ? અને શાંતિ પણ કેવી રીતે રહે ?' એ ભાઈએ પૂછ્યું.

'શાંતિ રાખવી જ પડે.' મેં કહ્યું : 'શાંતિ રાખીને ઈશ્વરનું સ્મરણ કર્યા વિના બીજો ઉપાય શું ? તોફાનથી આવવા-જવાના રસ્તા કપાઈ ગયેલા. આશ્રમ ખાલી કરીને અમે જઈએ પણ ક્યાં ? ઈશ્વર બધું સારું કરશે એવા વિશ્વાસથી અમે આશ્રમમાં બેસી રહ્યાં. ચોથે દિવસે વરસાદ બંધ થયો ત્યારે અમે ઓરડીમાંથી બહાર નીકળ્યાં, તો અમારી નજર ઓરડીની ઉપર, તદ્દન પાછળ, માટીમાં ભરાઈ રહેલા આ પથ્થર પર પડી. લગભગ સો મણનો આ પથ્થર. આ પથ્થર પર્વતમાં અટકી ન રહ્યો હોત તો...? એ વસ્તુની કલ્પનાય કરી શકાય તેમ ન હતી. એને જોઈ અમારા પર ઈશ્વરે કરેલી અજબ કૃપાનો અમને ખ્યાલ

આવ્યો. એ પછી થોડા દિવસમાં અમે આશ્રમને છોડી બીજે રહેવા ગયા.'

'ધન્ય છે તમારી શ્રદ્ધાને, ને ધન્ય છે ઈશ્વરની કૃપા અને એના પ્રતીકરૂપ આ પથ્થરને ! આશ્રમની આ જગ્યા તો યાત્રાના ધામ જેવી છે—પરંતુ આ પથ્થરનો મહિમા પણ કાંઈ ઓછો નથી. એ પણ ભારે પવિત્ર ને યાદગાર છે.' પેલા ભાઈએ કહ્યું.

અને લાંબા વખત લગી ત્યાં બેસી, એ પથ્થરને અનેક વાર અત્યંત ભાવપૂર્વક જોઈને, છેવટે અમે ગામમાં પાછા ફર્યા.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ અમરનાથની કૃપા ॥

કાશ્મીરના દિવ્ય સ્થાન અમરનાથનું દર્શન કરવાનો સોનેરી અવસર જેના જીવનમાં પ્રાપ્ત થયો છે તે સારી પેઠે જાણે છે કે એ સ્થાન કેટલું બધું સુંદર અને અલૌકિક છે. એ સ્થાનની યાત્રા એ જીવનનો એક મોટામાં મોટો લહાવો છે, જો કે એ યાત્રા કઠિન છે, તો પણ એનો આનંદ ઓર જ છે, એમાંય ભારે પરિશ્રમ પછી યાત્રી અમરનાથ પહોંચે છે ને ત્યાંની પર્વતીય ગુફામાં શ્રાવણ સુદ પૂનમે બનતા બરફના શિવલિંગનું દર્શન કરે છે, ત્યારે તો તેને એમ જ લાગે છે, જીવન ધન્ય બની ગયું. ઊંચા ઊંચા બરફથી છવાયેલા પહાડ, સામે નદી, ને ગુફામાં બરફનું લિંગ, એ બધું જોઈને એ મુગ્ધ જ બની જાય છે. ઈશ્વરની લીલાનો વિચાર કરીને એ સ્તબ્ધ બને છે.

અમે પણ અમરનાથનાં અદ્‌ભુત દર્શન કરીને ધન્ય બની



ગયા.

અમરનાથની ગુફામાં બેસી થોડો વખત સુધી અમે પ્રાર્થના કરી અને પછી નીચે આવવા નીકળી પડ્યા. પંચતરણી પહોંચતાં પહોંચતાં તો એટલો બધો વરસાદ પડ્યો કે અમારાં બધાં જ કપડાં પલળી ગયાં. ઉતારા પર તંબુમાં આવી અમે કપડાં બદલ્યાં. થાક લાગ્યો હોવાથી આરામ કર્યો પછી વિચાર કર્યો હવે બહાર જઈ કાંઈ ખાવાનું મળતું હોય તો લાવીએ.

બહાર આવીને જોયું તો લગભગ પોણા ભાગના તંબુવાળા વહેલા વહેલા ઘેર પહોંચવા માટે શેષનાગ તરફ વિદાય થઈ ગયા હતા. જે તંબુવાળા પૂરી ને શાક વેચતા હતા તે પણ ન હતા. હવે શું કરવું ? અમને ખૂબ જ નિરાશા થઈ. એક તો આટલી બધી ઘોર ઠંડી ને બીજી ભૂખ. એટલે ખોરાકની ઈચ્છા થાય તે સ્વાભાવિક હતું. ભૂખે પેટે તો વખત પણ ન જાય. પણ હવે કરવું શું ? એક તંબુ પાસેથી પસાર થતી વખતે, તંબુ બહાર ઉટકવા મૂકેલાં વાસણમાં મેં દાળ ને ભાતના દાણા જોયા. તે જોઈને મને થયું-દાળ ને ભાત ખાધે કેટલોય વખત થઈ ગયો છે. આટલી બધી ઠંડીમાં ગરમાગરમ દાળભાત મળે તો કેટલી મજા પડે ? પરંતુ દાળભાત લાવવાં ક્યાંથી ? મને થયું આવા સંજોગોમાં જો દાદા કૃપા કરે તો જ કશુંક બની શકે; નહિ તો આજની રાત ભૂખ્યા જ પડી રહેવું પડશે.

પણ ઈશ્વરે ક્યારે કૃપા નથી કરી ? જેણે એને સાચા દિલથી ને ખૂબ ભક્તિભાવે યાદ કર્યા છે, તેના પર એની કૃપા જરૂર થઈ છે. કોઈકવાર એ કૃપામાં વિલંબ થયો હશે તે ભલે, પરંતુ કૃપા નથી થઈ એવું તો ભાગ્યે જ બન્યું છે. જે એને યાદ કરે છે, એનું

સાચા દિલથી શરણ લે છે, તેની સંભાળ એ રાખે જ છે. એ મારો વિશ્વાસ સાચો ઠર્યો.

વાત એમ બની કે છેલ્લા તંબુ આગળ અમે ઊભા હતા ત્યાં જ એક કાશ્મીરી જેવો દેખાતો માણસ મારી પાસે આવ્યો અને મને હાથ જોડી કહેવા માંડ્યો કે આપ ભોજન કરોગે ?

મને નવાઈ લાગી. આવા સ્થાનમાં વળી ભોજન કોણ કરાવે ? કે પછી આ ભાઈ અમારી મશ્કરી કરે છે ? જો કે એમના હાવભાવ તથા પોષાક પરથી એ સજ્જન ને ગૃહસ્થ દેખાતા હતા, એટલે એ અમારી મશ્કરી કરે છે એવી શંકાને કોઈ કારણ ન હતું. છતાં એવો વિચાર મને આવી ગયો.

ત્યાં તો એમણે ફરી પૂછ્યું : 'ક્યાં આપ ભોજન કરોગે ? મેરે પાસ ભોજન હૈ.'

મેં કહ્યું : 'હું એકલો નથી. મારી સાથે જે ભાઈ છે તે ભૂખ્યા રહે ને હું એકલો ભોજન કરું તે મને પસંદ ન પડે, એટલે બંનેને ભોજન કરાવી શકો તેમ હો તો હું આવું.'

પણ તે ગૃહસ્થે કહ્યું : 'ભોજન પૂરતું છે. માટે તમે બંને આવો.'

હવે મેં તેમને કહ્યું : 'અમે બધાં મળીને ત્રણ છીએ. તંબુમાં મારાં માતાજી પણ બેઠાં છે.'

તે ભાઈએ હસતાં-હસતાં કહ્યું : 'તમે ત્રણે આવો.'

પછી એ ભાઈ એમને પોતાના તંબુમાં લઈ ગયા. તંબુ એટલો બધો મોટો હતો કે વાત નહીં. અંદર લઈ જઈ અમને તેમણે ધાબળાના આસન પર બેસાડ્યાં. એક બાજુ સત્યનારાયણની કથા થતી હતી અને કથા સાંભળવા કેટલાય



લોકો બેઠા હતા. મને થયું કે, આટલા બધા માણસો અહીં ક્યાંથી આવ્યા ? તે ભાઈએ મારી જિજ્ઞાસા જાણી લીધી હોય તેમ કહ્યું : 'ભેગાં થયેલા બધા લોકો મારા સંબંધી છે.'

થોડા વખતમાં તો કથા પૂરી થઈ. એ ગૃહસ્થે અમારી આગળ પાસેના ચૂલા પરની તપેલીમાંથી દાળ ને ભાત કાઢી પીરસેલી ભોજનની થાળીઓ મૂકી અને હાથ જોડી અમને જમવાનું કહ્યું. કેટલી બધી નમ્રતા ને સરલતા ? થાળીમાં દાળભાત જોઈને મને બહુ આનંદ થયો. જે ઇચ્છા હતી, તે ઈશ્વરે પૂરી કરી એમ જાણીને હૈયું ભરાઈ આવ્યું.

અમે જમી રહ્યા પછી તે ભાઈએ પોતાને હાથે જ અમારાં વાસણ ઉટકી નાખ્યાં. વાસણ નોકર હોવા છતાં તેમની પાસે ઉટકાવાને બદલે પોતે જ ઉટક્યાં, અને અમારી પાસે પણ ન ઉટકાવ્યાં. અમે ઘણો આગ્રહ કર્યો ત્યારે કહ્યું : 'મારું એવું ભાગ્ય ક્યાંથી કે તમારા વાસણ ઉટકી શકું, અને તે પણ આ દેવભૂમિમાં ?'

જમીને અમે અમારા તંબુમાં ગયા ત્યારે સાંજ પડી ગઈ હતી. બીજે દિવસે અમે શેષનાગ આવવા ઉપડ્યાં ત્યારે તે ભાઈ પણ અમારી સાથે થઈ ગયા. શેષનાગ સુધી વાતો કરતા કરતા અમે આવી પહોંચ્યા. પછી તે ભાઈ ક્યાં ગયા તેની ખબર અમને ન પડી. પહેલગામ સુધીના રસ્તામાં ફરીવાર એ મળ્યા જ નહિ. ગમે તેમ પણ અમારું કામ તો થઈ ગયું.

ઈશ્વરની એ કૃપાને યાદ કરીને આજે પણ હૃદય ભાવવિભોર બની જાય છે. ધન્ય છે ઈશ્વરની કૃપાને !

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ હરેકૃષ્ણ મંદિરની મુલાકાત ॥

'પુના જવાનું થાય તો ઈન્દિરાને તથા દિલીપકુમાર રોયને-દાદાજીને જરૂર મળજો. તમને મળીને એમને આનંદ થશે. પહેલાં તો લગભગ દર વરસે એ મસુરી આવતા ને અમારી પાસે થોડા દિવસ રહી જતા, પણ છેલ્લાં ત્રણેક વરસથી નથી આવ્યા. પુનામાં એ હરેકૃષ્ણ મંદિરમાં રહે છે.'

એ ઉદ્‌ગાર હતા ઈન્દિરાદેવીની માતાના. મસુરીની મોટામાં મોટી હૉટલ સેવોય હૉટલના માલિક સ્વર્ગસ્થ કિરપારામની સેવાભાવી ભક્તિભાવયુક્ત પત્નીના. ગયે વરસે એ અમને પોતાની હૉટલમાં લઈ ગયા ત્યારે એ ઉદ્‌ગારો એમના મુખમાંથી નીકળી પડેલા.

એ ઉદ્‌ગારોમાં જેમ માતાસહજ સ્નેહ ટપકતો'તો તેમ એક પ્રકારનો ઊંડો આદરભાવ પણ દેખાતો હતો ઉદ્‌ગારોના ઉત્તરરૂપે હું એમને શું કહું ? મેં એમને એક પ્રકારનું આશ્વાસન આપ્યું કે પુના જવાનું થશે ને ઈશ્વરેચ્છાથી સંયોગ ઊભો થશે તો એમને જરૂર મળીશ. એમને મળીને મને પણ આનંદ થશે.

મારા ઉત્તરથી એમને સંતોષ થયો.

એ પોતે વિવેકી, સંસ્કારી, ધાર્મિક અને ભક્તિપરાયણ હતાં. મસુરીમાં લાયબ્રેરી બજારમાં બંધાયેલા નવા લક્ષ્મીનારાયણ મંદિરની રચનામાં એમણે અને એમના પતિએ ખૂબ જ રસ લીધેલો. એ સારો રસ લેતાં. ત્યાં અવારનવાર મારાં પ્રવચનો ગોઠવતાં, અને મારી પાસે પ્રસંગોપાત આવ્યા કરતાં.

એવી સંસ્કારી અને માયાળુ માતાને પોતાની કૃષ્ણપ્રેમી પુત્રીને માટે પ્રેમ હોય એ સ્વાભાવિક હતું. એ ઈન્દિરાદેવીનાં સાવકી માતા હોવા છતાં એને માટે ખાસ મમતા રાખતાં. એ મમતાથી પ્રેરાઈને એમણે મને પેલી ભલામણ કરેલી.

આમ તો મારે ગયા વરસે પણ પુના આવવાનું થયેલું પરંતુ હરેકૃષ્ણ મંદિરની મુલાકાત લેવાનો અવસર નહોતો આવ્યો. આ



વરસે ફરી વાર પુનામાં રહેવાનું થયું ત્યારે એ યોગ અણધારી રીતે આવી ગયો. અલબત્ત, મારા આંતરમનમાં ત્યાં જવાનો વિચાર તો હતો જ, પરંતુ એનો અમલ અણધાર્યો જ થઈ ગયો.

એ દિવસ સોમવાર તા.૧૯-૨-૬૮નો હતો. પુનામાં એ દિવસે સાંજે પર્વતી વિસ્તાર તરફ ફરતાં હરેકૃષ્ણ મંદિરની વાત નીકળતાં અમે મોટરને એ તરફ લઈ લેવા સૂચના કરી.

થોડી જ વારમાં અમે એ મંદિરના સુંદર, શાંત, વિશાળ મકાન પાસે આવી પહોંચ્યા. મકાનના પ્રાંગણનો નાનોસરખો બગીચો જોઈને અમને આનંદ થયો.

હરેકૃષ્ણ મંદિર એક સુંદર મકાન છે. એનો આકાર કોઈ મંદિર જેવો નથી. એને પરંપરાગત મંદિર જેવું શિખર પણ નથી. એના મુખ્ય પ્રવેશખંડ કે હૉલમાં જ મંદિર છે. ત્યાં રાધાકૃષ્ણની પ્રમાણમાં નાની છતાં નયનાભિરામ પ્રતિમાઓ છે.

નીચેના ભાગમાં એક બાજુ શ્રી અરવિંદ ને બીજી બાજુ મીરાંની છબીઓ છે. દિવાલો પર ક્રાઈસ્ટ ને ચૈતન્ય મહાપ્રભુ જેવા સંતોનાં ચિત્રો છે. સામે રાધાકૃષ્ણ પાસે દેવીની પ્રતિમા પણ મૂકેલી છે. આખુંય સ્થાન સુંદર, શાંત, પ્રેરણાત્મક અને આહ્‌લાદક છે.

અમે હૉલમાં પ્રવેશ્યાં એ જ વખતે એક બેને મંદિરની પ્રતિમાઓનું આવરણ દૂર કર્યું.

થોડાક વખત લગી અમે એ વાતાવરણનો લાભ લેતાં ઊભાં રહ્યાં. પછી ઈન્દિરાદેવીને અનુકૂળતા હોય તો મળવા માટે સૂચના મોકલાવી.

ચાર-પાંચ મિનિટમાં તો ઈન્દિરાદેવી આવી પહોંચ્યાં.

એમણે સૌથી પહેલાં રાધાકૃષ્ણને પ્રણામ કર્યા ને પછી અમને...

મેં પણ એમને પ્રેમથી પ્રણામ કર્યા અને એમને એમની માતાનો સંદેશ તથા મારો પરિચય આપ્યો.

એ સાંભળી એ અત્યંત પ્રસન્ન થઈને બોલ્યાં :

'અહીં પણ થોડોક લાભ આપો, અમારા કૃષ્ણને પણ જ્ઞાનની જરૂર છે...'

'એ તો પરમ જ્ઞાની છે. એમનું જ્ઞાન કદીયે નથી ખૂટતું. અને હું લાભ આપવા માટે નથી આવ્યો, લેવા માટે આવ્યો છું.'

'તો પણ તમારે લાભ તો આપવો જોઈએ. થોડી વાર વધારે રોકાઈ જાવ. હમણાં સાડાસાતથી સાડાઆઠ સુધી કીર્તન થશે. કીર્તન પહેલાં તો રોજ થતું-પરંતુ હવે એકાંતરે ને રવિવારે સવારે સાડાનવ વાગે થાય છે.'

'પરંતુ આજે મારાથી એનો લાભ નહિ લઈ શકાય. આજે રાતે મારું પ્રવચન છે એટલે ફરી કોઈ વાર.'

'ફરી ક્યારે આવશો ?'

'કાલે તો મુંબઈ જઈ રહ્યો છું. વરસમાં એકવાર આ બાજુ આવવાનું બની શકે છે એટલે હવે તો બીજે વરસે ઈશ્વરેચ્છા હોય તો બને.'

આ સાંભળી ઈન્દિરાદેવીના મુખ પર થોડીક ગમગીની ફરી વળી.

એમનામાં જે નમ્રતા, મધુરતા તથા પ્રેમભાવ ટપકતો'તો તે એમના અસાધારણ અંતરની પ્રતીતિરૂપ હતો.

એમને ભક્તિનો ભાર નહોતો લાગ્યો, ભક્તિ એમની અંદર ઊતરીને પચી ગઈ હતી. એમને જોતાં અને એમની સાથે વાતચીત કરતાં એ સ્પષ્ટ જણાઈ આવ્યું.

ઈન્દિરાદેવી ખરેખર દેવી હતા. પ્રેમ અને ભક્તિથી ભરપૂર દેવી, સંસારના વિશાળ સરોવરમાં ખીલેલી કોઈક અલિપ્ત ઈન્દિરા યા કમલિની.

ભગવાન શ્રીકૃષ્ણની કૃપાની વાત નીકળી ત્યારે મને એક ઘટનાનું સ્મરણ થયું. મેં કહ્યું.

'ભક્તના જીવનમાં બધું એની ઈચ્છાનુસાર, એની પરમ



અથવા અસીમ કૃપાના પરિણામે થતું હોય છે એ સાચું છે.'

હું એવો કોઈ મોટો ભક્ત નથી, છતાં એના અનુગ્રહના એવા અનુભવો અવારનવાર થયા કરે છે. સાચું કહું તો આખું જીવન અને એમાં જે કાંઈ તે બધું જ એના અનુગ્રહરૂપ જ છે.

એ બાબત એક ઘટના કહું. મસુરીમાં મારા નિત્ય પ્રવચનોનો પ્રારંભ નહોતો થયો ત્યારે મારું એક જાહેર પ્રવચન ચિત્રશાળામાં રાખવામાં આવેલું. તે દિવસે જન્માષ્ટમી હતી. ચિત્રશાળાના ગુરુજીએ મસુરીના મોટા મોટા પ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષોને આમંત્રેલા. માણસો સારી સંખ્યામાં એકઠાં થયેલાં.

ગુરુજીએ સ્ટેજ પાછળ દીવાલ પર એમના જ હાથથી દોરેલું ભગવાન કૃષ્ણનું સરસ ચિત્ર રાખેલું અને એને તાજી ગુલાબની માળા પહેરાવેલી.

પ્રવચન પૂરું થયું ને કૃષ્ણ ભગવાનની ધૂન પણ પૂરી થઈ એટલે એક અદ્‌ભુત ઘટના બની. ગુલાબની માળામાંથી એક ગુલાબનું ફૂલ મારા માથા પર પડીને સ્ટેજ પર સૌના દેખતાં અટકી પડ્યું. એ જોઈ બધાંને નવાઈ લાગી. મને થયું કે ભગવાને મને આશીર્વાદ આપ્યા.

એ પછી બીજે વરસે મસુરીમાં ગાંધીનિવાસ સોસાયટીમાં મારા નિત્યપ્રવચનોની પૂર્ણાહુતિ થઈ ત્યારે ગુરુજીએ એવી જ રીતે ભગવાન કૃષ્ણનો એ જ ફોટો મારી પાછળની દીવાલ પર ટીંગાડેલો, તેની તાજી માળામાંથી એવી જ રીતે પાછું એક ફૂલ મારા માથા પર પડ્યું. ભગવાન કૃષ્ણે એ રીતે કહી બતાવ્યું, 'હું તમારા આ સેવાકાર્યથી સંતુષ્ટ છું.'

'એ પ્રસંગ મને હંમેશાં યાદ આવે છે અને થાય છે કે એની કૃપા વિના કાંઈ જ નથી થઈ શકતું.'

એટલામાં તો બહાર ફરવા નીકળેલા દાદાજી દિલીપકુમાર રૉય આવી ગયા.

ઈન્દિરાદેવીએ એમને મારો પરિચય કરાવ્યો ત્યારે પીળાં વસ્ત્રોમાં

સજ્જ કોઈ તપસ્વી જેવા દેખાતા દાદાજી આનંદ પામ્યા ને બોલ્યા...

'આપણે મસુરીમાં ગયેલાં ત્યારે તે મળેલા ?'

'ના. મા એમને છેલ્લાં ચાર વરસથી જ જાણે છે ને હમણાં હમણાં આપણે મસુરી ગયાં નથી.'

એ બંને બંગાળીમાં બોલતાં હતાં.

દિલીપકુમારે પૂછ્યું :

'આજે આપણે ત્યાં કાંઈ સંભળાવશે ખરાં ?'

ઇન્દિરાદેવીએ ના કહીને કારણ કહી બતાવ્યું.

'તો પાછા ક્યારે આવશો ?'

'પાછા આવવાનું તો હવે ઈશ્વરેચ્છા હોય તો બીજે વરસે જ બને.'

દિલીપકુમારને જાણે એ જરા પણ ન ગમ્યું. એમણે ને ઇન્દિરાબેને કહ્યું કે પ્રવચનમાં મોડા જજો પરંતુ એવું કરવું શક્ય ન હતું.

મારા પર એ બેનનો પ્રેમ, સદ્ભાવ, વિવેક અને એમની નમ્રતાની છાપ ભારે પડી.

એ દૈવી આત્માઓને જોઈ મને ઘણો જ આનંદ થયો.

પછી તો ઇન્દિરાદેવીએ અમારી સાથે ફરી અમને મકાનની ચારે તરફની સુંદર જગ્યા બતાવી.

ત્યાં ઠેકઠેકાણે હનુમાનજી, સાંઈબાબા તથા દેવીની મનહરમૂર્તિઓ હતી. એને લીધે સ્થાન આકર્ષક લાગતું.

ઇન્દિરાદેવી બહાર વિદાય આપવા આવ્યાં ત્યારે માતાજીની ઓળખાણ આપતાં મેં જણાવ્યું.

'આ મારાં માતાજી છે ને મારી સાથે જ રહે છે.'

એ માતાજી પાસે આવીને ભાવમય બનીને બોલી ઊઠ્યાં :

'હું પણ તમારી છોકરી છું.'

ઇન્દિરાદેવી ને દિલીપકુમાર રૉયનો એ ટૂંકો મેળાપ ખરેખર ચિરસ્મરણીય બની રહ્યો.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ શિવની મુલાકાતે શક્તિ ॥

હેડિંગ કે મથાળું વાંચીને આશ્ચર્યચકિત થવાની જરૂર નથી. આ એક સત્ય ને તાજેતરમાં બનેલો પ્રસંગ છે. આપણે સૌ જાણીએ છીએ કે, પૂ.'મા' સ્વયં આદ્યશક્તિ 'મા' જગદંબાનું જ સ્વરૂપ છે. આપણે અનુભવેલી અનેક અનુભૂતિ, ને માણેલી દિવ્યતા, એ વાતની સાક્ષી પણ પૂરે છે. દરેક ભક્તના જીવનમાં પૂ.'મા'એ નાનીમોટી અનુભૂતિ દ્વારા દિવ્યતાનાં દર્શન કરાવ્યાં જ છે. પૂજ્ય'મા'ને મોબાઈલના માધ્યમે જાણવા મળ્યું કે, નાથદ્વારા (શ્રીનાથજી)માં શિવજીના મહાકાય સ્વરૂપનું નિર્માણ થયું છે. એટલે શક્તિસ્વરૂપા પૂ.'મા'ને શિવજીને મળવાની ઇચ્છા થઈ, ને અમને આદેશ મળ્યો કે, ''જોઈ આવો કેવું છે ? એની ભવ્યતા વિષે જાણી આવો.'' અમે ગયા. જાહેર જનતા માટે એનું લોકાર્પણ હજી બાકી હતું. એક મહિનાની અવધિ પછી એ શરૂ થશે એવું જાણવા મળ્યું. નિરાશ થયા વગર ભગવાન શ્રીનાથજીનાં દર્શન તથા ઉદયપુરની ઉડતી મુલાકાતથી યાત્રાનો સંતોષ માન્યો. અમે તો પછી બીજાં કામોમાં એ અવધિની વાત ભૂલી ગયા. પરંતુ પૂ.'મા'ના મનમાં જાણે એ અંકિત થઈ ગઈ હતી. એટલે થોડા દિવસ પછી ફરી પૂ.'મા' એ શિવજીને યાદ કર્યા, તપાસ કરતાં જણાયું કે, એનું લોકાર્પણ થઈ ચૂક્યું છે. બસ, બીજું શું ? જગદંબાએ ઇચ્છા વ્યક્ત કરી, ને બે કલાકમાં તો બસ અને યાત્રિકો બધું જ નક્કી થઈ ગયું. પૂજ્ય 'મા'એ મને રસ્તામાં ખર્ચા માટે લક્ષ્મીજીનો મહાપ્રસાદ પણ મોકલાવી દીધો. આપણા જ સ્વજન જેવા નારાણભાઈની જ બસ કરી હતી, એણે જ્યારે જાણ્યું કે, બસમાં પૂ.'મા' પણ સાથે આવવાનાં છે, ત્યારે આનંદ વ્યક્ત કરતા તેણે જણાવ્યું, ''તો તો હું જ ડ્રાઈવ કરીશ'', ને પૂ.'મા'ની બેઠક માટે આગળની બે સીટ પણ ખોલાવી આપી.

સવારની નિત્ય પ્રાર્થના અને પ્રણામ પછી લગભગ ૯.૦૦ વાગે ''વરદ હસ્ત''ની પ્રાર્થના સાથે પ્રયાણ કર્યું. રસ્તામાં હલ્દીઘાટી જવાનો પેટા માર્ગ આવ્યો, તો પૂ.'મા'એ તરત જ સંમતિ આપી કે, હલ્દીઘાટી જવાનું છે. જ્યાં મહારાણા પ્રતાપ અને ચેતકની શૌર્યગાથાનું વિવિધ રીતે દર્શન કરાવવામાં આવ્યું છે. એમની શૂરવીરતાને માન આપી પૂ.'મા'એ જનમેદની વચ્ચે નાનકડા સિનેમાગૃહમાં બેસી ૧૫ મિનિટની ડોક્યુમેન્ટરી પણ જોઈ, જેમાં હલ્દીઘાટીના યુદ્ધની તવારીખ અને મહારાણા પ્રતાપના સાહસિક સ્વભાવનો પરિચય અપાયો. બીજા પણ નાના મોટા પ્રસંગો દ્વારા એમની પ્રતિજ્ઞા અને નારીસન્માનની ભાવનાનું દર્શન જોવા મળ્યું. લાઈટની ઈફેક્ટ અને બેકગ્રાઉન્ડ કોમેન્ટ્રી દ્વારા દરેક પ્રસંગને સમજાવ્યો છે. ઈતિહાસનાં અમર પાત્રો 'મા'ના એક, શૂરવીરતાના પ્રતીક સમા, મહારાણા પ્રતાપ હતા.

અમે સૌ સંગ્રહાલયમાંથી બહાર આવ્યાં, ત્યાં વિવિધ વસ્તુનો એક સ્ટોર હતો. પૂજ્ય'મા'એ સૌને અંદર જઈને વસ્તુઓ જોવા માટે કહ્યું, મને પણ ખૂબ આગ્રહ કરીને મોકલ્ય. મને મનમાં થતું, કે મારે તો કંઈ ખરીદી કરવી નથી, તો મને શા માટે આટલો આગ્રહ કરે છે ? હું અંદરના વિભાગમાં જાઉં છું, તો મારી એક માસીયાઈ બહેન જે લંડનસ્થિત છે, તે મને દેખાઈ. એ એના પતિ અને બે દીકરીઓ સાથે આવી હતી. એના પિતા પણ પ્રભુના જૂના ભક્ત હતા. મેં પણ વર્ષો પછી એને જોઈ હતી, ખૂબ જ આશ્ચર્ય સાથે એણે મારું અભિવાદન કર્યું. અને મેં જ્યારે એને જણાવ્યું કે, યાત્રામાં પૂજ્ય 'મા' પણ સાથે છે, ત્યારે એ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક પૂજ્ય'મા'ને પ્રણામ કરવા આવી. પૂજ્ય'મા'ને પિતાના નામ સાથે પોતાનો પરિચય આપ્યો, તો પૂજ્ય'મા'એ પણ જાણે કોઈ જૂના સ્વજનને મળતા હોય તે રીતે બધી જ વિગતે વાત કરી, અને પ્રેમપૂર્વક સ્વર્ગારોહણ આવવાનું આમંત્રણ આપ્યું. મને વારંવાર સ્ટોરમાં જવાનું કહેવા પાછળનું કારણ હવે સમજાયું. પૂજ્ય'મા'ના અનેક



દિવ્ય પ્રસંગોમાં એકનો વધારો થયો ઘટના સામાન્ય છતાં શ્રદ્ધાને વધારનારી હતી. પૂજ્ય 'મા'ની દિવ્યતાનાં દર્શન કરાવનારી હતી. પૂજ્ય'મા'ની લૌકિક લીલા ખૂબ જ ગહન છે. એમની આવી સામાન્ય સહજ માનવીય લીલામાં અટવાયા કરતાં, આવા પ્રસંગોમાંથી એમની દિવ્યતાનાં દર્શન કરી શ્રદ્ધાને દ્રઢ અને પરિપક્વ બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ.

અનાયાસે થયેલા ભક્તમિલન પછી અમે નાથદ્વારાના રસ્તે આગળ વધ્યા. થોડાક જ આગળ વળાંક પર RTO Officer સીટ બેલ્ટ ના બાંધ્યો હોય એમની પાસે દંડ લેતા હતા. અમારા સારથિ નારણે સમજાવાનો પ્રયત્ન કર્યો પણ મોટા દંડ વગર કોઈને બક્ષતા ન હતા. છેવટે એણે મને બોલાવ્યો ને કહ્યું; મોટી રકમ માગે છે. મેં મનોમન પ્રાર્થના કરી, હે 'મા' કૃપા કરજો. એની પાસે જઈને મેં સહજ કહ્યું, અમારી સાથે અમારા ગુરુમાતા છે, ને સત્સંગ ચાલતો હોવાથી રહી ગયું. સારથિના ૧૦ મિનિટના પ્રયત્ને પણ એ ન માન્યો, ને મારા એક વાક્યે એના મનમાં શું અસર કરી ખબર નહિ, તરત જ કહ્યું સારું જાઓ, બીજીવાર ધ્યાન રાખજો. આ પણ ઘટના નાની પણ શ્રદ્ધાનું ભાથું બાંધનારી હતી. પૂજ્ય'મા' સાથેની યાત્રા હોય તો, સ્મરણ વગરની તો કેવી રીતે હોય ? 'સ્વર્ગારોહણ'થી નીકળ્યા પછી સતત યાત્રામાં પાંચ વાર શિવસ્તુતિ ''સુહાયે મસ્તકે ગંગા'' અને 'શિવમહિમ્ન સ્તોત્ર'નું પઠન પણ થયું.

બરાબર બપોરે બે વાગ્યે અમે શિવજી પાસે પહોંચી ગયા. મુખ્ય દ્વાર પર ટિકિટ ચૅક કરાવી ચાલવા માંડ્યા. ૧૦૦ થી ૨૦૦ મીટર ચાલવાનું હશે એવું લાગ્યું. પણ પછી જાણ્યું ખૂબ લાંબુ છે. પૂજ્ય'મા'ને આટલું લાંબું ચાલવાનું ને સાથે ઉતરાણ-ચઢાણ પણ હતું. અજાણતાને લીધે વણમાગ્યે શ્રમ વેઠવો પડ્યો. એટલે મનમાં એનો રંજ હતો. પરંતુ પૂજ્ય'મા' તો જાણે પ્રસન્નતાથી પુલકિત બનીને પરિશ્રમને પરાસ્ત કરીને કૃતનિશ્ચયી રીતે આગળ વધી રહ્યા હતાં. પૂજ્ય'મા'ના મુખારવિંદની એ પ્રસન્નતા જોઈને, અમારા

ઉરમાં પણ ઉત્સાહની ઊર્મિઓ ઉમટી પડતી. છેવટે અમે એ મહાકાય શિવજીની પ્રતિમાની સન્મુખ એક ચૉકમાં આવી પહોંચ્યા. પ્રતિમાની વિશાળતા જોઈ મને એક પ્રસંગ યાદ આવ્યો, અમે જ્યારે સૌ પ્રથમ ભૂતાન ગયા હતા ત્યારે થીમ્ફુંમાં એક ટેકરી પર ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમા બની રહી હતી. ત્યાં દર્શન કરતી વખતે મને મનમાં એક સહજ ભાવ થયો કે, આપણા પ્રભુ પણ સ્વયં શિવસ્વરૂપ છે અને એમની દિવ્યતા ને સામર્થ્યને લક્ષમાં રાખી એમની પણ આવી પ્રતિમા જરૂર થવી જોઈએ. મનોમન પ્રાર્થના પણ કરી, આવા મહાન યુગકાર્યમાં મને નાનકડું પણ નિમિત્ત બનાવજો. આપણા પ્રભુ એક મહાન તપસ્વી, યોગી, સ્વયમ્ શિવસ્વરૂપ, ને એમણે વિશ્વકલ્યાણ માટે કેટલું મોટું ભગીરથ ને યુગકાર્ય કર્યું. આજે પણ એમની દિવ્યતાના અનુભવો આપણે અનુભવીએ છીએ. તો શું એમની આવી વિશેષ પ્રતિમા ના બનવી જોઈએ ? અવશ્ય બનશે જ. પૂજ્ય'મા'ના સામર્થ્યથી જે કોઈ પરિચિત છે એમને એ બાબતે કોઈ શંકા નહિ થાય.

પૂજ્ય'મા'ની દિવ્ય સંનિધિમાં કોઈને ભૂખ તરસનો પણ ખ્યાલ ન હતો. પૂજ્ય'મા'ની સંનિધિની એ શક્તિ હતી. અહીંથી લગભગ બીજાં ૮૦ થી ૧૦૦ પગથિયાં ચઢીને ચરણવંદનાનાં સ્થાન સુધી જવાય છે. ફરીવાર અમે પૂજ્ય'મા'ને વિનંતી કરી જોઈ કે 'મા' ગાડી આવે તો એને લાભ આપો. પરંતુ 'મા'એ સહજ જણાવ્યું પૂજ્ય'મા'ને કોઈ થાક નથી, રોજ ચાર જપ યાત્રામાં ચાલે જ છે, પાછા વળતાં ગાડીનો લાભ લઈશું. પગથિયાનું ચઢાણ ચઢી પૂજ્ય'મા' ચરણવંદનાના સ્થાન પાસે એક બૅન્ચ પર બિરાજમાન થયાં. બાકીના સૌને શિવજીની અંદર જઈને ઉપરથી એ નાથદ્વારા નગરીને નિહાળવાની, અને ૩૦૦ ફીટની ઊંચાઈ પર કાચની ગેલેરી પર ચાલીને જવાનો એક નવીન પ્રયોગ માણવાનો લાભ મળ્યો. સાહસિક વૃત્તિની અભિરુચિવાળાને એ અચૂક પસંદ પડે એવું હતું. પાછા આવતાં લગભગ અમને બે કલાક થયા, પણ પૂજ્ય'મા' તો



એક જ આસન પર બિરાજીને જાણે શિવજી સાથેના આંતરિક અનુસંધાનમાં મગ્ન જણાયાં. જેવા અમે પહોંચ્યાં એટલે તરત જ સૂચન કર્યું કે, થોડી પેટપૂજા કરી લો. એટલે સૌએ પોતાના મનપસંદ અલ્પાહારથી ક્ષુધાને શાંત કરી.

પૂજ્ય'મા'એ અમારી વિનંતીને માન આપી, પાછા વળતી વખતે રોડ પર ચાલે તેવી નાનકડી ટ્રેનમાં સ્થાન લઈ, એને પણ ધન્યતા બક્ષી. આખા દિવસની મુસાફરી ને આટલા શ્રમ પછી પણ પૂજ્ય'મા' અવનવી શક્તિથી ઉભરાતાં હતાં. વર્ષોની સાધના અને તપનું બળ સ્પષ્ટ જોઈ શકાતું હતું. ટૉય ટ્રેનમાંથી ઉતરીને પાર્કિંગમાં જવા માટે બે માળ જેટલું ઉપર જવાનું હતું. અમે પૂજ્ય'મા'ને જણાવ્યું. ''મા લિફ્ટની સગવડ છે'' પણ પૂજ્ય'મા'એ તો અમારી વાતને અવગણીને જુસ્સા સાથે દાદર ચડવા માંડ્યાં, જાણે શિવમિલનનો આંતરિક આનંદ રોમે રોમમાં ઉછાળા મારી રહેલો.

સૌ ઝડપથી બસમાં ગોઠવાઈ ગયાં. રસ્તામાં સાંજની પ્રાર્થના અને ભાઈઓ દ્વારા પોતાના જીવનની કોઈ વિશેષ યાત્રામાં થયેલા અદ્‌ભુત અનુભવોનો સત્સંગ કરાવડાવ્યો. પોતાની શ્રદ્ધા પ્રમાણે સૌ કોઈને નાનામોટા અનુભવો મળે જ છે. છેવટે પૂજ્ય'મા'ની આવી અલભ્ય સુખદ સંનિધિ સાથેની યાત્રા પૂર્ણાહુતિ પર પહોંચી. પૂજ્ય'મા' સાથેની આવી અમુલખ યાત્રાના આનંદ સાથે જાણે બડભાગી યાત્રિકોની યાદીમાં નામ નોંધાઈ ગયું. લગભગ રાત્રે ૯.૦૦ વાગે સુરક્ષિત 'સ્વર્ગારોહણ'ની પાવન ધરતી પર પહોંચી ગયાં પ્રભુનો આભાર વ્યક્ત કરવા, પ્રણામ સાથે પ્રાર્થના કરી કે, ''હે પ્રભુ, અમારી જીવનયાત્રા પણ આવી સુખદ અને સત્સંગમયી બનાવજો. શિવ-શક્તિના મધુર મિલનના, એમના સાયુજ્યના સાક્ષી બનાવજો.''

**—શ્રી રાજીવ જાની**